પ્રકાશકના બે બોલ

અધ્યાત્મ જગતમાં સમયસાર એ અનન્ય ગ્રંથ છે. તેને પ્રાપ્ત કરીને–વાંચીને કાનજી સ્વામી જેવા ઘણાએ પોતાનો સંપ્રદાય બદલ્યો છે. આ ગ્રંથ મુખ્યતયા ત્યાગીજનો માટે ઉપયોગી છે પણ સાચા ત્યાગને બિરદાવતા મુમુક્ષુ ગૃહસ્થ માટે પણ તે લાભપ્રદ છે. પણ તે સોનાની છરી જેવો છે વાપરતાં આવડે તો ફાયદો નહિતર ભારે હાની. પંડિત બનારસીદાસ જેવા પણ નિશ્ચયભાષી બની નાગા થઇ નાચ્યા હતા. તેવો પ્રભાવક આ ગ્રંથ છે. આ ગ્રંથની ટીકાઓ બે સમર્થ આચાર્યોએ કરી છે. એક છે શ્રી અમૃતચંદ્રસૂરિ અને બીજા છે શ્રી જયસેનાચાર્ય. બંનેની ટીકાઓ વાંચવા જેવી ને મનન કરવા જેવી છે પણ શ્રી અમૃતચંદ્ર સુરિની ટીકા અધ્યાત્મ પ્રધાન છે. નિશ્ચયનયને દૃષ્ટિ સમક્ષ રાખીને લખાઇ છે જ્યારે જયસેનાચાર્યે પરંપરાગત આર્ષશૈલીને લક્ષમાં રાખી નિશ્ચયને વ્યવહારની સંધી સાધીને સમયસારની ગાથાઓના રહસ્ય ખોલ્યાં છે એટલે એક ટીકા સાચી અને બીજી બરોબર નહિ તેવું કહેવું તે આગમનો અપલાપ કહેવાય. છતાં આજે છડેચોક તેવું કહેવાય છે. ને તેથી આજે ધર્મની પરિભાષા અંગે સમાજમાં ભારે વિવાદ ચાલે છે.

એ વિવાદને ધ્યાનમાં રાખીને સમયસારની ગાથાઓના સાચા અર્થ સાધકો માટે શું હોવા જોઇએ તે બાબતે ખુલાસાની જરૂર હતી તેથી મુંબઇવાળા શ્રી શાંતિભાઇ છબીલદાસે અથાક પરિશ્રમ કરીને આ પુસ્તક લખી આપ્યું છે તેથી તેમનો સભા ઘણોજ આભાર માને છે. પુસ્તકની પ્રસ્તાવના પણ ખ્યાતનામા વિદ્વાન પંડિત શ્રી વર્ધમાન પાર્શ્વનાથ

કરવું તે શાસ્ત્રનો વિનય નથી કે આપ્તવાણીનો આદર નથી તેથી સાચા જિનવાણીના ભકતોને આ પુસ્તક શરૂથી અંતસુધી વાંચી જવા અને તેમના મિત્રોને વાંચવાની ભલામણ કરવાનો હું નમ્રતા-પૂર્વક અનુરોધ કરૂં છું.

જૈનદર્શન દરેક દ્રવ્યને સ્વચતુષ્ટયથી સ્વતંત્ર જાહેર કરે છે. ને તેથી તો કુંદકુંદસ્વામીએ પ્રવચન સારની ગાથા ૪૬ માં લખ્યું છે કે ;

આત્મા સ્વયં નિજભાવથી જો શુભ-અશુભ બને નહીં
તો સર્વ જીવ નિકાયને સંસાર પણ વર્તે નહીં.

જ્યારે તે જ સ્વામીએ સમયસારની ગાથા ૨૭૮–૨૭૯ પણ લખી છે જેમાં સ્ફટિકમણી સ્વયં પરિણમતો નથી ઇતર નિમિત્તથી જ તે રંગબેરંગી બને છે તેમ પણ કહ્યું તે સ્વામીના સમર્થ આખ્યાન એવા પ્રબુદ્ધ શ્રી અમૃત ચંદ્રસુરિએ પણ કળશ ૧૭૫ માં અકંકાંતનો દાખલો ટાંકીને એ જ અર્થને પુષ્ટ કર્યો છે. તેથી જીન વાણી સમગ્રને વાંચતાં ને સમજતાં સ્યાદવાદ અને અનેકાંતને દૃષ્ટિ સમક્ષ રાખવાથી ભલું છે નહિતર એકાંત મિથ્યાત્વનો ભારે દોષ લાગી જવાનો સંભવ છે. આ વાત નટના દોર જેવી છે. ભલાભલા નજર ચૂકતાં નીચે પડે તેવો દોર છે ને તેથી તો દુનિયામાં ત્રણસો ત્રેસઠ જેટલા પાંખડ ચાલ્યા તેવું જીન વચન છે. એટલે પાંખડમાં ફસાવાય નહિ અને સ્વઆત્માનું શ્રુતજ્ઞાન વડે કલ્યાણ થાય માટે સૌએ ઉદાર દીલ, વિશાળ ચિત્ત અને ખુલી દૃષ્ટિ રાખી જે કંઈ આર્ષમાર્ગી સાહિત્ય

પ્રસ્તાવના

જૈનસમાજમાં કોઈને કોઈ બહાના હેઠળ વિચાર સંઘર્ષ ચાલુ રહયા જ કરે છે. હમણાં સોનગઢ વિચાર ધારા અને તેમની પ્રતિપાદન શૈલીને કારણે વિવાદમય વાતાવરણ ઉભું થયું છે. ને તેને કારણે સમાજ સંગઠનમાં ભારે વિઘ્ન ઉપસ્થિત થયેલ છે.

એક પક્ષનું કહેવું છે કે શ્રી કાનજીસ્વામી સમયસારને અનુસારે શુદ્ધ નિશ્ચયનું જ પ્રતિપાદન કરે છે ને તેમાં આગમ પ્રતિકૂળતા અગર સિદ્ધાંત વિરોધ જેવું કંઇ પણ નથી. બીજા પક્ષના વિદ્વાનોનું કહેવું છે કે શુદ્ધ નિશ્ચયની દષ્ટિ, કાલ અને પાત્ર એમ બધું સ્વતંત્ર છે, તેને નજર સમક્ષ રાખીને-તેનો આધાર લઇને- તેનું કથન થવું જોઇએ; એટલે કે પ્રારંભિક દશામાં રહેવાવાળા શ્રાવકો માટે વ્યવહાર અને નિશ્ચયનો ક્રમિક માર્ગ ધ્યાનમાં લઇને પ્રતિપાદન થવું જોઇએ, નહિતર તેની સ્થિતિ (રજુઆત) બહુજ વિષમ બની બેસે. શુદ્ધ નિશ્ચયની દષ્ટિથી વ્યવહારમાર્ગને હેય સમજીને તેનો પરિત્યાગ કર્યો, (પણ) શુદ્ધનિશ્ચયનો માર્ગ પ્રાપ્ત થયો નહિ: આમ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ: જેવી તેની સ્થિતિ થઇ ગઇ. શ્રાવકોને શ્રાવકોચિત માર્ગનું દિગ્દર્શન કરાવીને તેમનું લક્ષ ધ્યેય ઉપર સ્થિર કરાવવું જોઇએ. આ દષ્ટિકોણને નજર સમક્ષ રાખીને આચાર્યોએ આગમ ગ્રંથો ભવ્ય જીવો માટે રચ્યા છે ને તેમાં એકાંતને માટે જરાયે સ્થાન નથી-જગ્યા પણ નથી.

સમયસાર પર બે ઉદ્દભટ વિદ્વાન આચાર્યોની સુંદર અને ગદ્યપદ્ય મંગટીકાઓ છે. બંને આચાર્ય સમયસારના મર્મજ્ઞ છે અને

વીતરાગી સંત છે આચાર્ય અમૃતચંદ્ર અને મહર્ષિ અરવિંદ બંને ને પ્રભાવક સંસ્કાર છે. આ સ્થિતિમાં જૈન કહેવાતો વર્ગ અતિ-સંકુચિત નથી કે તેઓ અમૃતચંદ્રના અંતરંગને જેટલો [illegible] અને સુગંધ [illegible] પ્રમાણમાં આજનો [illegible] વિદ્વાન સમજવાને માગતો નથી અને તેથી તેમની [illegible] વ્યવહારમાં ઉતારીને જ આપણે શ્રીમદ્ અમૃતચંદ્રના ગૌરવનું અનુશીલન કરવું જોઈએ.

આ પ્રકારની સ્થિતિમાં આ [illegible]

"જો આપ જિનમતનું પ્રવર્તન કરવા માગતા હો તો વ્યવહાર અને નિશ્ચય (બંનેમાંથી એકેયનો પણ) ત્યાગ ન કરો. એક (વ્યવહાર) વિના તીર્થનો લોપ થાય છે અને બીજા (નિશ્ચય) વિના તત્ત્વનો લોપ થાય છે, તીર્થ અને તત્વ બંનેના અસ્તિત્વ વિના આત્મ વિશુદ્ધિનું હોવું અસંભવિત બને છે."

ભાઈશ્રી કાંતિલાલે આચાર્ય જયસેન સ્વામીના અભિપ્રાયને દષ્ટિ સમક્ષ રાખી કાનજી સ્વામીનો અભિપ્રાય કેવી રીતે વિપરીત છે તે સારી રીતે બતાવ્યું છે ને તેમાં તેમણે ઠીકઠીક શ્રમ લીધો છે અને તે તેમના સ્વાધ્યાય શીલતાનું દ્યોતક છે. વસ્તુસ્થિતિના સંબંધમાં જિજ્ઞાસા ધરાવનારા આત્મહિતેચ્છુઓને આ ગ્રંથ ઉપયોગી થઈ પડશે અને ભ્રમ નિરસનમાં પણ તેનાથી સારી એવી સહાયતા પ્રાપ્ત થશે તેવી આશા છે ઈતિઅલમ્

કલ્યાણભુવન,
સોલાપુર

વિનીત
વર્દ્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી

લીટી નંબર	શું છે ?	શું જોઇએ
૫	અર્થ ઘટાવ્યો	અર્થ મોહ ઘટાવ્યો
૨૦	ત્રિગુપ્તિ	× ×
૨૧	રૂપે	× ×
૮	સ્વસંવેદજ્ઞાન	સ્વસંવેદનજ્ઞાન
૧૩	જ્ઞાન	જ્ઞાન
૩	પરપરા	પરંપરા
૧૮	અર્થ	× ×
૭	સાક્ષાત	× ×
૨૧	માધ્યારતા	માધ્યસ્થતા
૭	વડે	× ×
૯	સત્યચનના	સત્યવચનના
૧૧	અસત્યવચનકષાયં	અસત્યવચનકષાય
૧૩	શ્રમણમાગ	શ્રમણમાર્ગ
૧૪	કૃતિકરણ	વિકૃતિકરણ
૧૫	નાજ્ઞા	જિનાજ્ઞા
૨	૭૪મ	૭૪માં
૫	પ્રાથમક	પ્રાથમિક
૬	પવૃત	પ્રવૃત
૭	આવ	આવાં
૮	માટાઇ	મોટાઇ
૧૧	સર્વોરતાને	સર્વોપરિતાને
૧૬	શ્રયથી	પરાશ્રયથી
૧૭	લે દ્રષ્ટિથી	લોક દ્રષ્ટિથી
૨૦	કર	કરે
૨૦	તમાંથી	તેમાંથી

પાનું	લીટી નંબર	શું છે?	શું જોઈએ
૪૫	૨૧	ગ્રંશો	ગ્રંથો
૪૬	૫	શા માટે નથી	શા માટે કરતા નથી?
૪૬	૧૮	યથાયપણે	યથાર્થપણે
૪૭	૪	પર્યાય	પર્યાયને
૪૪	૫	અનેકાંત	અનેક
૪૭	૬	અનેકતપણું	અનેકાંતપણું
૪૭	૧૦	દ્રવ્યકિનય	દ્રવ્યાર્થિકનય
૪૮	૪	અવા	એવા
૪૮	૨૧	આગમને	આગમનો
૪૮	૨૩	કરડશ્રાવકાચાર	કરંડશ્રાવકાચાર
૪૯	૬	ક્ષપણ	ક્ષપક
૫૦	૧	બાકીનો	બાકીના
૫૦	૨	સમય	સમયમાં
૫૦	૩	રીત	રીતે
૫૦	૧૦	દિગંબરા	દિગંબરો
૫૧	૫	સમ્યદ્રષ્ટિ	સમ્યગદ્રષ્ટિ
૫૧	૧૦	કહને	કહીને
૫૧	૨૦	વિરધ	વિરોધ
૫૧	૨૩	શબ્દાનો	શબ્દોના
૫૨	૪	અસંયનનો	અસંયતનાં
૫૨	૫	મેવા	મેળવી
૫૨	૧૪	સદ્ભાવને	સદ્ભાવનાં
૫૨	૧૫	જોઇશે	જોઈએ
૫૨	૨૦	નિષેધ	નિષેધ
૫૩	૧૪	અ દેવાનું	અને દેવાનું

પાનું	લીટી નંબર	શું છે ?	શું જોઈએ
૫૮	૧૧	પુણ્યબધ	પુણ્યબંધ
૫૮	૧૨	બધ	બંધ
૫૮	૧૨	પુણ્યબંધ	પુણ્યબંધ
૬૧	૨૪	કુદષ્ટિ	કુદષ્ટિ
૬૨	૨	ધરણ	ધારણ
૬૨	૧૭	પ્રકાદના	પ્રકારના
૬૨	૨૧	જકબંધક	અબંધક
૬૩	૬	મમ્યક્ત્વ	સમ્યક્ત્વ
૬૪	૧	પાપાચારમાંર	પાપાચારમાં
૬૪	૧	વિષયવિયા	વિષયપિયા
૬૪	૧૦	તટલે	તેટલે
૬૪	૧૨	પ્રતિસમપય	પ્રતિસમય
૬૬	૫	પલટાવા	પલટવા
૬૬	૬	સહભાવમાં	સદ્ભાવમાં
૬૭	૩	અશુભેપયોગા	અશુભોપયોગા
૬૭	૧૩	માત્રેલ	માત્રેણ
૬૮	૧૪	પંચકજનિન	પંચકજનિત
૬૮	૧૫	સમય	× ×
૬૮	૨૪	જપસેનાચાર્ય	જયસેનાચાર્ય
૬૯	૧૯	મથ્યાદષ્ટિ	મિથ્યાદષ્ટિ
૬૯	૨૦	કલકિત	કલંકિત
૬૯	૨૩	સમયસર	સમયસાર
૭૦	૮	દષ્ટિવાહાદિક	દષ્ટિવાદાદિક
૭૧	૧૩	પ્રાપ્ત	પ્રાપ્તિ
૭૨	૬	પ્રગાણે	પ્રમાણે

પાનુ	લીટી નંબર	શું છે ?	શું જોઇએ
૮૨	૧૯	વિરોધનો	વિરોધતો
૮૨	૨૫	પારગ્રહવશ	પરિગ્રહવશ
૮૫	૧૬	વિહાગ	વિભાવ
૮૫	૧૭	માગ	માર્ગ
૮૬	૧૨	કાય ,,	કાર્ય છે
૮૭	૫	અક	એક
૮૭	૧૦	વિશુદ્ધ	વિશુદ્ધિ
૮૮	૧	ભપામાં	ભાપામાં
૮૮	૩	જ્યાર	જ્યારે
૮૮	૫	ત્યરે	ત્યારે
૮૮	૧૧	ઉત્કૃષ્ટ	×
૮૮	૨૦	રચુત	ચ્યુત
૮૯	૧	બાંધવાવળો	બાંધવાવાળો
૮૯	૧૦	દ્વિનિય	દ્વિતિય
૮૯	૧૫	વિશુદ્ધ	વિશુદ્ધિ
૮૯	૨૧	વિશુદ્ધ	વિશુદ્ધિ
૮૯	૨૭	સમ્યત્વ	સમ્યક્ત્વ
૯૦	૯	વિશુદ્ધ	વિશુદ્ધિ
૯૦	૨૦	થય છે	થાય છે
૯૦	૨૭	વેશેલો	પ્રવેશેલો
૯૧	૨૮	અટકાવ	અટકવા
૯૨	૬	અસંખ્યા	અસંખ્યાત
૯૨	૧૦	પુણ્ય	પુણ્યનો
૯૨	૧૧	અંતરકણ	અંતરકરણ
૯૨	૧૮	પ્રિયતિ	

પાનું	લીટી નંબર	શું છે ?	શું જોઈએ
૧૦૨	૨૪	વિશુધ્ધિ	વિશુદ્ધિ
૧૦૩	૧૦	નમ્રભૂત	નમ્રીભૂત
૧૦૩	૧૧	તમ	તમે
૧૦૩	૧૧	છે	છો
૧૦૩	૧૪	રૂચિનો	રૂચિને
૧૦૩	૧૫	વૃદ્ધિનું	શુદ્ધિનું
૧૦૪	૫	માંને	માર્ગને
૧૦૪	૨૨	કવ્ય	કર્તવ્ય
૧૦૪	૨૩	અભવ	અભાવ
૧૦૫	૩	વિતરાગતાના	વિતરાગતાની
૧૦૫	૩	તા	તો
૧૦૫	૭	ચૈતન્ય	ચૈતન્યા
૧૦૫	૧૪	અઘાતિકમ	અઘાતિકર્મ
૧૦૫	૧૫	અધતિનો	અઘાતિનો
૧૦૫	૧૪	કાય	કષાય
૧૦૫	૧૯	વિતરાગ	વિતરાગતા
૧૦૫	૨૧	ટલું ક	કેટલું ક
૧૦૫	૨૧	વકવ્ય	વક્તવ્ય
૧૦૬	૬	કહે	કહેતાં
૧૦૬	૮	હિકારી	હિતકારી
૧૦૬	૧૧	વિશુદ્ધ	વિશુદ્ધિ
૧૦૬	૨૧	પ્રલપ	પ્રલાપ
૧૦૬	૨૩	કરણ	કારણ
૧૦૭	૧૧	નિશ્ચનય	નિશ્ચયનય
૧૦૭	૧૨	અભેદપણુ	અભેદપણે
૧૦૭	૧૩	વિષયભૂ	વિષયભૂત
૦૭	૧૪	ભાનો	ભાવિનો
૧૦૮	૧૧	ચિં	ચિન્માત્ર

શ્રી સમયસારમાં

શ્રી જયસેનાચાર્યદેવ
અને
કાનજીસ્વામી

[લેખાંક ૧ લો]

પરામાગમ શ્રી સમયસાર ગ્રંથાધિરાજ મહા અમૃતકુપ છે. ભવવિનાશનું અદ્વિતિય ઔષધ છે શ્રી અમૃતચંદ્રસુરીએ "આત્માખ્યાતિ" નામની ટીકા કરી છે તે પણ મહાવિશદ અર્થગંભીર છે. શ્રી જયસેનાચાર્યદેવે તાત્પર્યવૃત્તિ નામની ટીકા દ્વારા ગ્રંથાધિરાજ અને શ્રી અમૃતચંદ્રસુરીકૃત ટીકાના અર્થોનાં રહસ્યોનું ઉદ્‌ઘાટન કરેલ છે વર્તમાનમાં કાનજીસ્વામીદ્વારા સમયસાર અને શ્રી અમૃતચંદ્રસુરીકૃત ટીકાના શબ્દોનો જે અર્થોમાં ભાવ ઘટાવવામાં આવે છે તે, મહાનિર્ગ્રંથ તપોધન શ્રી જયસેનાચાર્યદેવ દ્વારા કરાયેલ ટીકાના આધારે કેવી રીતે, કેટલી હદે સુસંગત છે તેનું વિવરણ સમન્વયાત્મકદ્રષ્ટિથી અને પરંપરા આર્ષ દિગંબર વીતરાગ શાસનની શુદ્ધિની રક્ષારૂપ સદાશયપુર્ણ ધર્મભાવનાથી પ્રગટ કરવામાં આવે છે ધર્મવત્સલ બંધુઓ નિષ્પક્ષ-

ભારવીરુતા અને આત્મહિતની ભાવનાયુક્ત ભાવોથી તેનો નિષ્પક્ષ તુલનાત્મક અભ્યાસ કરીને યથાર્થ દ્રષ્ટિને સ્વીકારી આર્ય ગતાર્થીરૂપ અવિરુદ્ધ પ્રણાલીની શુદ્ધિ-વૃદ્ધિમાં પ્રાણવાન બનશે તે જ એકમાત્ર પ્રયોજન છે

પરિમિત એવા શબ્દોવડે અનંત ભાવોની અભિવ્યક્તિ કરવા માટે એક જ શબ્દની તથા એક જ ભાવને વ્યક્ત કરવા અનેક પર્યાયવાચી શબ્દોનું અવલંબન લેવામાં આવે છે. તેથી વક્તાઓના અર્થ કરવામાં શબ્દાર્થ, ભાવાર્થ, નયાર્થ અને નિક્ષેપોના સંદર્ભમાં પરિપાટી [illegible] પૂર્વક [illegible] આવશ્યક છે [illegible]

તો પછી શ્રુતસાગર સમાન મહાનિર્ગ્રંથ તપોધનોરૂપ પ્રજ્ઞા પુંજો દ્વારા રચાયેલ આર્ષ આગમોરૂપી સમુદ્રને તજી અસંયતરૂપી કુવાનું મલિન જળયુક્ત શરણ શા માટે લેવું ?

કાનજીસ્વામી તથા તેઓના પ્રચારક શિષ્યો પરમાગમ શ્રી સમયસારાદિના આશ્રયે જે નિરૂપણ કરે છે તેમાં નય, નિક્ષેપ, પરિપાટી, ઉદ્દેશ, પાત્ર–અપાત્ર, વિવક્ષા આદિના ભેળસેળ કરે છે અર્થોને વિકૃત કરીને પરિપાટીનો ભંગ કરી મનોકલ્પિત માન્યતાનું સમર્થન થાય તે પ્રમાણે અર્થો કરવા તીવ્ર કષાય વગર સંભવ નથી, અર્થાત કષાયોની તીવ્રતાનો અભાવ હોતાં નય, નિક્ષેપ, પરિપાટી, ઉદ્દેશ, વિવક્ષા આદિમાં ભંગ, વિકૃતિકરણ, અન્યથા–પણું આદિ સંભવ નથી.

હવે કાનજીસ્વામીનાં વકતવ્યોની સમીક્ષા શ્રી જયસેનાચાર્યદેવની સમયસારની તાત્પર્યવૃત્તિ ટીકાના સંદર્ભમાં કરવામાં આવે છે.

(૧) કાનજીસ્વામીઃ–વ્યવહારનય જાણવા યોગ્ય છે આદરવા યોગ્ય નથી, કારણ કે અભૂતાર્થ અસત્યાર્થ છે તેમ સર્વથા સર્વદા સર્વત્ર એકાંતે પ્રરૂપે છે.

"શ્રી જયસેનાચાર્યદેવઃ- વ્યવહારયેન વિના પરમાર્થોપદેશનં કર્તુમશક્ય ઇતિ" ગાથા ૮ની ટીકા

તે? જ્ઞાનીને કે અજ્ઞાનીને? જ્ઞાનીને ઉપદેશ આપવાનો રહ્યો નથી અજ્ઞાનીને ઉપદેશ આપવાનો હોય તો કયો અજ્ઞાની? તીવ્ર મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની કે સવિકલ્પ અવસ્થામાં રહેલા સમ્યક્દ્રષ્ટિ અજ્ઞાની કે નિર્વિકલ્પ અવસ્થામાં રહેલ છદ્મસ્થ અજ્ઞાની? હવે તીવ્ર મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાનીને તો પરમ શુદ્ધનયનો એકાંત ઉપદેશ ઉચિત નથી, કારણ કે તેનામાં ઉપદેશને ગ્રહણ કરવાની શક્તિનો અભાવ છે નિર્વિકલ્પ અવસ્થામાં રહેલ છદ્મસ્થ અજ્ઞાનીને પણ ઉપદેશ આપવો નિરર્થક છે, કારણ કે ઉપદેશના અવસરે તે પરિણતિ કે તેથી [illegible] [illegible] સિદ્ધ થયું કે [illegible] શુદ્ધનયના પ્રયોજનથી ઉપદેશ સવિકલ્પ અવસ્થામાં રહેલ સમ્યક્દ્રષ્ટિ પ્રમત્તસંયત અજ્ઞાનીને જ

"વ્યવહારેણ વિકલ્પેન ભેદેન પર્યાયેણ દેશિતઃકથિત ઇતિ વ્યવહાર દેશિતો વ્યવહારનયઃ પુનઃ અધસ્તન વર્ણિક સુવર્ણલાભવત પ્રયોજનવાન ભવતિ. કેષાં? યે પુરૂષાંઃ પુનઃ અશુધ્ધે અસંયત સમ્યગ્દષ્ટિયપેક્ષયા શ્રાવકાપેક્ષયા વા સરાગ સમ્યગ્દષ્ટિ લક્ષણે શુભોપયોગે પ્રમત્તાપ્રમત્ત સંયતાપેક્ષયા ચ ભેદરત્નત્રય લક્ષણે વા સ્થિતાઃ"

ટીકા ગાથા ૧૨

અર્થઃ—વ્યવહારથી વિકલ્પરૂપે, ભેદરૂપે, પર્યાયરૂપે, ઉપદેશેલો કહેલો જે વ્યવહારનય છે તે અધસ્તનવર્ણિકાવાળા સુવર્ણના લાભવત પ્રયોજનવાન થાય છે (જેને ૧૦૦ ટચનું સોનું પ્રાપ્ત નથી થયું તેને ૯૦, ૮૦, આદિ નીચેનાં ટચવાળુ સુવર્ણ પણ લાભવાળું છે તેમ પ્રયોજનવાન છે) કોને? જે પુરૂષો અશુદ્ધ એવા અસંયત-સમ્યકદ્રષ્ટિ યા સંયતાસંયત એવા દેશવૃત્તિ શ્રાવક અથવા સરાગ સમ્યગ્દ્રષ્ટિ લક્ષણવાળા શુભોપયોગમાં રહેલા પ્રમત્તાપ્રમત્ત મુનિરૂપ ભેદરત્નત્રય લક્ષણવાળાઓની અપેક્ષાએ અશુદ્ધ ભાવોમાં જે સ્થિત છે (તેમનો) (કાનજીસ્વામી તીવ્ર મિથ્યાદ્રષ્ટિ, પાપાચારમાં નિતાંત પ્રસિદ્ધ એવા ધર્મભાવના રહિતને વ્યવહાર નિરપેક્ષ એકાંત પરમશુદ્ધનયનો ઉપદેશ આપે છે એટલું જ નહીં આવાને અધ્યાત્મના સુત્રધારો પ્રચારકો બનાવેલ છે એટલું જ નહીં અહીં તો આચાર્યો (એવા

તીક્ષ્ણ મિથ્યાદ્રષ્ટિઓને તો ઉપદેશ આપવામાં શરમ જ
કમાં નથી. મહાશ્રમણ નિર્ગ્રંથ તપોધનોની અમૂલ્ય
અધ્યાત્મવિદ્યાનો શું આ પ્રચાર છે કે અવર્ણવાદ છે
તેનો વાચક નિર્ધાર કરે. પરમ અધ્યાત્મવિદ્યાના ઉપદેશકો
[illegible] [illegible], મધ-માંસ-મદિરાપાન, સાત મહા
વ્યસન સેવન, જિનદેવની સન્મુખ બેશી જિનનાથની
[illegible] [illegible] [illegible]રૂપ અસંયતનાં સ્તવનભક્તિ
[illegible] [illegible] તથા અસંયતને સમવસરણમાં તીર્થંકર
[illegible] [illegible] પરિગ્રહયુક્ત દશામાં મુકી "ભગવાન"
[illegible] આદિ મહાનીચ કલ્પનાઓથી લીલાઓ ચિતરવામાં
[illegible] ગુણસ્થાનવર્તિ
[illegible]

જણાય છે તે, પ્રયોજનવાન છે.–આ ઇહાર્થ છે) વળી,

“યદ્યપિ વ્યવહારનયો બહિર્દ્રવ્યાવલંબનત્વેના ભૂતાર્થસ્તથાપિ રાગાદિ બહિર્દ્રવ્યાવલંબનરહિત વિશુદ્ધજ્ઞાન દર્શન સ્વભાવસ્વાવલંબન સહિતસ્ય પરમાર્થસ્ય પ્રતિપાદકત્વાદ્દર્શયિતુમુચિતો ભવતિ। યદા પુનર્વ્યવહારનયો ન ભવતિ તદા શુદ્ધ નિશ્ચયનયેન ત્રસસ્થાવરજીવા ન ભવંતીતિ મત્વા નિઃશંકોપમર્દનં કુર્વંતિ જનાઃ। તતશ્ચ પુણ્યરૂપ ધર્માભાવ ઇત્યેકં દૂષણં તથૈવ શુદ્ધનયેન રાગદ્વેષમોહરહિતઃ પૂર્વમેવ મુક્તો જીવસ્તિષ્ઠતીતિ મત્વા મોક્ષાર્થમનુષ્ઠાનં કોપિ ન કરોતિ તતશ્ચ મોક્ષાભાવ ઇતિ દ્વિતીયં ચ દૂષણં। તસ્માદ્ વ્યવહારનયવ્યાખ્યાનમુચિતં ભવતીત્યભિપ્રાયઃ।”

ગાથા ૪૬ ટીકા

કરશે નહીં તેથી મોક્ષનો અભાવ થાય તે બીજું દુષણ આવે. તેથી વ્યવહારનયનું વ્યાખ્યાન ઉચિત છે તેવો અભિપ્રાય છે"

આ જ તર્કબધ્ધ દલીલ વડે શ્રીમદ અમૃતચંદ્રસુરીએ વ્યવહારનયનું સ્થાપન કરવા સમર્થન કર્યું છે. જ્યારે કાનજીસ્વામી પરમ શુધ્ધનયની આડ લઈને વ્યવહારનો લોપ કરવારૂપ સંભાપણ એકાંતપણે કરીને જીવોને ઉન્માર્ગ પ્રતિ લઈ જઈને નાવિન્યતાના બહાને આકર્ષી કીર્તિલાલસાની પુષ્ટિ કરે છે તે એક શ્રુતના અવર્ણવાદરૂપ કાર્ય છે.

ગોમ્મટસારની ટીકામાં લખ્યું છે કેઃ—

"પ્રથમં મિથ્યાદષ્ટિમવ્રતિકમવ્યુત્પન્નં વા પ્રતિપાદ્યમાશ્રિત્ય પ્રવૃતોઽનુયેગોઽધિકારઃ પ્રથમાનુયોગઃ"

અર્થઃ– પ્રથમ એટલે પ્રાથમિક એવા મિથ્યાદષ્ટિ અવ્રતિ અને અવ્યુત્પન્નમતિ શિષ્યો માટે જે અનુયોગની પ્રવૃત્તિ થાય છે તેને પ્રથમાનુયોગ કહેવાય છે." કાનજી સ્વામીના શિષ્યોની ભુમિકા અને તેમને આપવામાં આવતો ઉપદેશ આ આર્ષ વચનોથી કેટલો સુસંગત છે તેનો નિર્ધાર વાચકો કરે. વિચાર કરતાં સમજી શકાશે કે કાનજી સ્વામીની પ્રરૂપણા જિનાજ્ઞાથી વિરૂદ્ધ, ક્રમ અને પરિપાટીના ઉન્મૂલનરૂપ હોવાથી, પોતાની અંતરંગ પંથ સ્થાપક તરીકે પૂજ્યતા પ્રાપ્ત કરવારૂપની કીર્તિલાલસાની

ઉપદેશ આત્મહિતનું સાધન બને કે પાપલીલાઓ તાંકવાનું સાધન બને તેનો નિર્ધાર વાચક કરે.) "કદાચિત નિર્વિકલ્પ સમાધિરૂપ પરિણામનો અભાવ હોતાં વિષયકષાયના ત્યાગ અર્થે, શુદ્ધાત્મભાવના સાધવા માટે અથવા દેહબુદ્ધિથી ખ્યાતિ પૂજા લાભ ભોગાકાંક્ષા નિદાન બંધ રહિત થઈને શુદ્ધાત્મલક્ષણવાળા અર્હંત સિદ્ધ અને શુદ્ધાત્માના આરાધક, પ્રતિપાદક, સાધક એવા આચાર્ય ઉપાધ્યાય સાધુનાં ગુણોના સ્મરણાદિરૂપ શુભોપયોગ પરિણામ પણ કરે છે. (અહિં શુભોપયોગને અપવાદપૂર્વક કરવા કહેલ છે જેથી વિષયકષાયાદિની વંચના થાય. [illegible] કહેવામાં આવતાં પ્રતિપાદનયુક્ત ગ્રંથોને [illegible] કરીને નોંધ્યા છે. કાનજીસ્વામી શુભોપયોગને

તેની પરિણતિ વિષયોમાં જ વિલુબ્ધ છે. તત્ત્વની આડમાં વિષયોને પોષે છે. વળી અશુભોપયોગ પ્રયત્નપૂર્વક કરે છે કે એની મેળે જ આવે છે? જો એની મેળે જ આવતો હોય તો, પછી તે કાળે શુભોપયોગ પણ એની મેળે જ આવતો હોવાથી શુભોપયોગનું અસ્તિત્વ કેમ નથી? "એની મેળે જ આવવાપણાની" અપેક્ષાએ તો બંનેમાં કોઇ વિશેષતા નથી. પછી શું કારણ છે કે અશુભોપયોગ જ આવે છે અને શુભોપયોગ નથી આવતો? નિર્વિકલ્પ સમાધિના કાળે તો શુભોપયોગ સહજ સ્વયં આવે છે તે તો માનીએ પણ નિર્વિકલ્પ સમાધિના અભાવકાળે પણ એની મેળે શુભોપયોગ આવે છે તે કહેવું તત્ત્વ વિરૂદ્ધ સ્વચ્છંદ છે. વિષયની પુષ્ટિના જ આશયપૂર્વક તત્ત્વનો અન્યથા અર્થ કરે છે. જેને સહજપણે અશુભોપયોગની જ વિશેષતા હોય તેની પરિણતિ વિષયાભિમુખ અર્થાત વિષયવિલુબ્ધ હોય તેથી તે જો સમ્યક્દષ્ટિ હોય તો સમ્યક્ત્વની વિરાધના જ કરે અર્થાત મિથ્યાદષ્ટિ હોય તો મિથ્યાત્વને જ દઢ કરે. તેથી નિર્વિકલ્પ સમાધિના અભાવકાળે શુભોપયોગમાં પ્રયત્નપૂર્વક પ્રવર્તવું તે જ કર્તવ્ય છે. "જાણવા યોગ્ય છે" તેમ માની સ્વચ્છંદ પોષવું નહીં. "તથા સમ્યગ્દષ્ટિ પણ શુદ્ધાત્મ સ્વરૂપની ઉપલબ્ધિ નિમિત્તે શુદ્ધાત્માના આરાધક પ્રતિપાદક આચાર્ય ઉપાધ્યાય સાધુનાં ગુણસ્મરણ તથા દાનાદિક સ્વયં શુદ્ધાત્માની આરાધના રહિત થતાં નિર્વિકલ્પદશાના અભાવકાળે) કરે છે" (અહિં આચાર્યએ દાન આપવા કહ્યું છે તેથી

[illegible] નું [illegible] કુશાગ્રમાં જણાશે. સોનગઢ [illegible]
[illegible] નો પ્રચાર નહીં પણ [illegible]
[illegible] ની ભાવના વડે [illegible] છે સોનગઢ
[illegible] આચારાંગ તથા ઉપાસકાધ્યયન અંગ
[illegible] જણાશે. અહિં [illegible] કહે છે કે [illegible]
[illegible] તે [illegible] શ્વેતાંબર ગ્રંથોને અનુસરીને [illegible]
[illegible] દિગંબર સિદ્ધાંતો વડે જો કોઈ [illegible]
[illegible] પણ [illegible] તો શું શ્વેતાંબર
[illegible] માં [illegible]

ઢુંઢક સંગઠનમાં ખર્ચનાર દિગંબરોમાં તાકાત છે કે આ ઠરાવનો અમલ કરાવે? જો દિગંબરોમાં ઠરાવનો અમલ કરાવવાની તાકાત ન હોય, શક્તિ ન હોય ચલણ ન હોય તો પછી ત્યાં તનમનધન ખર્ચવું તેમાં શું ધર્મહિત છે? જેને પોતાનું પ્રતિનિધિત્વ નથી, જેનામાં પોતાની જ માન્યતાનું રક્ષણ કરવાની તાકાત નથી-શક્તિ નથી, તેનું ત્યાં તન મન ધન ખર્ચવું તે શું યુક્ત છે? ઢુંઢક સંગઠનમાં તન મન ધન ખર્ચનારા દિગંબર બંધુઓમાં જો તાકાત હોય તો દેવગુરૂનો થતો અવર્ણવાદ તત્કાળ ટાળે અને જો તાકાત ન હોય તો તેમનો પરિત્યાગ કરે દિગંબરોનું જ સંગઠન કરીને અધ્યાત્મ તત્ત્વના પ્રચારમ તન મન ધન ખર્ચો. ઢુંઢક સંસ્થામાં તન મન ધન ખર્ચવું એટલે દિગંબરત્વની ખાઇ ખોદવા જેવું છે પુત્ર લેવ જતાં ધણી ગુમાવવાનો અવસર આવશે

[લેખાંક ૩ જો]

"યો ભાવશ્રુતરૂપેણ સ્વસંવેદન જ્ઞાન બલેન શુદ્ધા ત્માનં જાનાતિ સ નિશ્ચય શ્રુતકેવલિ ભવતિ।"

શંકાઃ-"નનુ તર્હિ સ્વસંદન જ્ઞાન બલેનાસ્મિન કાલેપિ શ્રુતકેવલિ ભવતિ?"

સમાધાનઃ-તન્ન યાદૃશં પૂર્વપુરૂષાણાં શુક્લધ્યાન રૂપં સ્વસંવેદન જ્ઞાનં તાદૃશમિદાનીં નાસ્તિ, કિન્તુ

બહાર પ્રગટ થાય છે? શા માટે પોતે અંદર સમાઈ જઈને નિજહિતમાં જ પ્રવર્તતા નથી?! વાંચક વિચારે)

“મોહરાગદ્વેષ”નો અર્થ કરવાનું સ્પષ્ટિકરણ આચાર્ય દેવે કર્યું છે. તે આચાર્યની આજ્ઞાને ન અનુસરતાં પોતાની પુષ્ટિ થાય તે રીતે ક્યાંક મોહનો અર્થ ઘટાવ્યો છે અને ક્યાંક રાગદ્વેષ પણ ઘટાવ્યો છે ક્યાંક રાગદ્વેષને મોહમાં ઘટાવ્યો છે અને ક્યાંક રાગદ્વેષમાં મોહ ઘટાવ્યો છે [illegible] પ્રકારથી અર્થ વિકૃતિ કરીને [illegible] પોતાની માન્યતાની પુષ્ટિ કરી છે. દિગંબર જૈન સમાજને મારું સૂચન છે કે આ લોકો [illegible] નિજહિત ઇચ્છે તો આગમ શાસ્ત્રોનું જ સ્વાધ્યાય કરે અને [illegible] [illegible] પુનઃ તપાસીને [illegible] વિકૃતિકરણને દૂર કરે.

ભાવથી ધર્મ થાય તેવી પ્રરૂપણા કરનાર શાસ્ત્રને કુશાસ્ત્ર કહેલ છે જ્યારે આચાર્ય અહિં "તે શુભોપયોગી ચારિત્ર છે" તેમ કહે છે.)

"(શુદ્ધાત્મ પરિણતિને પ્રાપ્ત) શ્રમણો પ્રતિ વંદન નમસ્કાર સહિત અભ્યુત્થાન અને અનુગમનરૂપ વિનીત વર્તન કરવું તથા તેમના શ્રમ નિવારણ કરવો તેવી રાગચર્યા નિંદિત નથી" પ્રવચનસાર ગાથા ૨૪૭

(અહિં આચાર્ય "રાગચર્યા નિંદિત નથી" તેમ કહીને પ્રશસ્તચર્યાનું સમર્થન કરે છે, સોનગઢ તેને કુશાસ્ત્રમાં ખપાવેલ છે)

"આ પ્રશસ્તભૂત-શુભચર્યા-શ્રમણોને હોય છે તથા ગૃહસ્થોને તો વળી મુખ્યપણે હોય છે એમ (જિનવરોએ) કહ્યું છે તેના વડે જ (પ્રશસ્ત ચર્યા વડે જ) ઉત્કૃષ્ટ મોક્ષસુખને (પરંપરાએ) પામે છે પ્રવચનસાર ગાથા ૨૫૪.

(સોનગઢે શુભરાગની ચર્યાને પ્રરૂપનાર શાસ્ત્રને કુશાસ્ત્ર લખેલ છે હોય કુમરૂપક છે સોનગઢ કે આચાર્ય? આચાર્ય વચન જ પ્રમાણ છે.) અહીં આચાર્યે શુભ-ચર્યાથી પરંપરા મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ કહ્યું છે જે સોનગઢને સંમત નથી. આચાર્યના કથનને ન માનવાં તે મિથ્યાદર્શન છે

"આ પ્રમાણે આ શુદ્ધાત્માનુરાગયુક્ત પ્રશસ્ત ચર્યારૂપ આ જે શુભોપયોગ ઉપવર્ણિત કરવામાં આવ્યો

છે તે આ, શુદ્ધાત્માની પ્રકાશક સર્વ વિરતિને પ્રાપ્ત થયેલા શ્રમણોને કષાયકણના સદ્ભાવ વડે પ્રવર્તતો તે શુભોપયોગ, શુદ્ધાત્મ પરિણતિથી વિરુદ્ધ એવા શુભરાગ સાથે સંબંધવાળો હોવા છતાં ગૌણપણે હોય છે; ગૃહસ્થોને તો તે શુભોપયોગ સમસ્ત વિરતિના અભાવ વડે શુદ્ધાત્મ પ્રકાશનનો અભાવ હોવાથી કષાયના સદ્ભાવને લીધે પ્રવર્તતો હોવા છતાં પણ મુખ્ય છે. કારણ કે, જેમ ઇંધનને સ્ફટિકના સંપર્કથી સૂર્યના તેજનો અનુભવ થાય છે તેમ ગૃહસ્થને શુભરાગના—શુભોપયોગના સંયોગથી શુદ્ધ આત્માનો અનુભવ થાય છે અને તેથી તે શુભોપયોગ ક્રમશઃ પરમ નિર્વાણ સૌખ્યનું કારણ થાય છે.'

—શ્રી અમૃતચંદ્રસૂરી પ્રવચનસાર ગાથા ૨૫૪ની ટીકા

("શુભોપયોગના સંયોગથી શુદ્ધાત્માનો અનુભવ થાય છે" એમ આચાર્યદેવે કહ્યું [illegible] સોનગઢના [illegible] [illegible] તો આ કથનો પણ [illegible] હશે?!

વૈયાવૃત્યાદિ ધર્મ વડે દુર્ધ્યાનની વંચના થાય છે, તપોધનોના સંસર્ગથી નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગના ઉપદેશનો લાભ થાય છે તેથી પરંપરાએ નિર્વાણને પામે છે."

—શ્રી જયસેનાચાર્યદેવ પ્રવચનસાર ગાથા ૨૫૪ ટીકા.

(દયાદાન મહાવ્રતાદિના શુભોપયોગ વડે સંસાર પરિત થવાનું કહેનાર શાસ્ત્રોને કુશાસ્ત્રમાં સોનગઢે ગણાવ્યાં છે જ્યારે આચાર્યોએ ગૃહસ્થોને આત્માશ્રિત નિશ્ચય ધર્મનો અવકાશ જ નથી તેથી વૈયાવૃત્યાદિક ધર્મવડે પરંપરા નિર્વાણ કહીને સંસાર ટુંકો થવો બતાવેલ છે આચાર્યની આજ્ઞાથી વિરૂદ્ધ લખનાર ઉત્સુત્રભાષી છે.)

"વિષયકષાયો પાપ છે એમ શાસ્ત્રમાં પ્રરૂપણ છે. તેમાં પ્રતિબદ્ધ—લીન પુરૂષો નિસ્તારક—તારનારા કેમ હોઈ શકે!" પ્રવચનસાર ગાથા ૨૫૮.

"વિષયો કષાયો પાપ છે, વિષય કષાયવંત (અસંયમી) પુરૂષો પણ પાપ જ છે. વિષય કષાયવંત (અસંયમી) પુરૂષો પ્રત્યે અનુરક્ત જીવો પણ પાપમાં અનુરક્ત હોવાથી પાપ જ છે તેથી વિષય કષાયવંત (અસંયમી) પુરૂષો પોતાના પ્રત્યે અનુરાગવાળા પુરૂષોને પુણ્યનું પણ કારણ થતા નથી તો પછી નિર્વાણનું—સંસારથી તરવાનું—કારણ તો કેમ થાય! (ન જ થાય)".

પ્રવચનસાર ગાથા ૨૫૮ની ટીકા.

(જો દયા દાન પૂજા મહાવ્રતાદિના શુભભાવ વડે ધર્મ થવાપૂર્વક સંસાર પરિત થવો બતાવનાર એવાં ઉપરોક્ત શાસ્ત્રો કાનજીસ્વામીના મતથી કુશાસ્ત્ર હોય તો તેમનો વિષય કષાયરૂપ અસંયમ તો પાપ છે, વિષય કષાય અસંયમમાં લીન પુરુષને પાપ કહેલ છે. તો પછી તેઓ સ્વયં જગતના નિસ્તારક કેવી રીતે છે?)

(૪) "નિર્વિકાર સ્વસંવિત્તિ વિપરીતાસત્ પરિણામ વિકારોઽવિરતિઃ" —શ્રી જયસેનાચાર્યદેવ ગાથા ૬૧

અર્થઃ—અહિં અસત પરિણામની વ્યાખ્યા કરી છે કે, "નિર્વિકાર સ્વસંવિત્તિથી વિપરીત વિકારી પરિણામ તે અસત છે" (કાનજીસ્વામી પોતે અવિરતિ-અસંયમી છે તેથી નિર્વિકાર સ્વસંવિત્તિથી વિપરીત પરિણામ છે પછી [illegible] ચારિત્ર કેવી રીતે હોય? ન જ હોય [illegible] ચારિત્રની [illegible] [illegible] [illegible] પુષ્ટિ [illegible])

જ્ઞાની કહેલ છે છતાં વિતરાગ નિર્વિકલ્પ સમાધિનો અભાવ હોતાં તે અજ્ઞાની છે વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત જીવોને જ્ઞાની કહેલ છે તે સમયસાર ગ્રંથની પરિપાટી છે)

(૮) શંકા:-"હે ભગવન! ધર્માસ્તિકાયોયં જીવોયમિત્યાદિજ્ઞેયતત્ત્વવિચાર વિકલ્પે ક્રિયમાણે યદિ કર્મબંધો ભવતીતિ તર્હિ જ્ઞેયતત્ત્વવિચારો વૃથેતિ ન કર્તવ્યઃ?

(અર્થ:-હે ભગવન! 'આ ધર્માસ્તિકાય છે,' 'આ જીવ છે' ઈત્યાદિ જ્ઞેયતત્ત્વનો વિચાર વૃથા હોવાથી કર્તવ્ય નથી?)

સમાધાન-"નૈવં વક્તવ્યં। ત્રિગુપ્તિ પરિણત નિર્વિકલ્પ સમાધિકાળે યદ્યપિ ન કર્તવ્યસ્તથાપિ તસ્ય ત્રિગુપ્તિધ્યાનસ્યાભાવે શુદ્ધાત્માનમુપાદેયં કૃત્વા આગમ ભાષયા તુ મોક્ષમુપાદેયં કૃત્વા સરાગ સમ્યક્ત્વકાળે વિષયકષાય વંચનાર્થં કર્તવ્યઃ। તેન તત્વવિચારેણ મુખ્યવૃત્ત્યા પુણ્યબંધો ભવતિ પરંપરા નિર્વાણં ચ ભવતિતી નાસ્તિ દોષઃ। કિંતુ તત્ર તત્વવિચારકાળે વીતરાગ સ્વસંવેદનજ્ઞાન પરિણતઃ શુદ્ધાત્મા સાક્ષાદુપાદેયઃ કર્તવ્યઃ ઇતિ જ્ઞાતવ્યં।"

અર્થ:-એ પ્રમાણે ન કહેવું, ત્રિગુપ્તિરૂપે ત્રિગુપ્તિ રૂપે પરિણત નિર્વિકલ્પ સમાધિકાળે યદ્યપિ (તત્વવિચાર) ન કરવો, તથાપિ ત્રિગુપ્તિ ધ્યાનના અભાવ સમયે શુદ્ધાત્માને ઉપાદેય કરીને તથા આગમ ભાષથી મોક્ષને

(અ) સરાગ સમ્યકત્વના કાળે જ્ઞેય તત્ત્વનો વિચાર કર્ત્તવ્ય છે તેનાથી વિષયરૂપ દુર્ધ્યાનની વંચના થાય છે તથા પુણ્યબંધ થતો હોવા છતાં પણ તે પરંપરા નિર્વાણનું કારણ છે તેમાં દોષ નથી (જ્ઞેય તત્ત્વોનો વિચાર એટલે શુભોપયોગ) પરંતુ ત્યાં તત્ત્વવિચારના કાળે વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપે પરિણત આત્મા જ સાક્ષાત ઉપાદેય છે, કર્તવ્ય છે તેમ જાણવું કાનજી-સ્વામી તો તીવ્ર મિથ્યાદષ્ટિ મહાઅજ્ઞાની પાપાચારમાં પ્રવિષ્ટ જીવોને, પુણ્યબંધનું કારણ કહીને શુભોપયોગને સર્વથા હેય ઉપદેશે છે જ્યારે આચાર્ય તો સરાગ સમ્યગ્દૃષ્ટિને પણ પુણ્યબંધના કારણભુત તત્વવિચારરૂપ શુભોપયોગ પરંપરા નિર્વાણનું કારણ કહીને કર્તવ્ય બતાવે છે કાનજીસ્વામી, દયા દાન પુજા મહાવ્રતાદિના શુભોપયોગને સંસાર પરિત-ટુંકો થવાનું વર્ણવનાર શાસ્ત્રને કુશાસ્ત્ર કહે છે જ્યારે આચાર્ય શુભોપયોગને સંસાર પરિત-ટુંકો થવાનું કારણ કહીને પરંપરા નિર્વાણનું કારણ બતાવે છે. કાનજીસ્વામી શુભોપયોગને અભાવરૂપ કારણ કહે છે એટલે કે પરંપરાનો અર્થ અર્થ અભાવરૂપ કારણ કહે છે ખરેખર તો તત્વના વિચારરૂપ શુભોપયોગથી વિકલ્પવડે જ્ઞાનોપયોગની સૂક્ષ્મતા થાય છે તે જ વિશુદ્ધની વૃદ્ધિરૂપ છે તેમ થતાં કષાયોની હાનિ થાય છે જેમ વિશુદ્ધિ વધતી જાય છે તેમ કર્મોની સ્થિતિની હાની, અનુભાગની હાનિ થવા રૂપે અસંખ્યાત ગુણિત શ્રેણીરૂપે નિર્જરા થાય છે નિર્જરા થતાં જ્ઞાન

વીર્ય શક્તિનો ક્ષયોપશમ પ્રગટતો જાય છે. જેમ જેમ જ્ઞાન વીર્ય શક્તિ પ્રગટ થતી જાય છે તેમ તેમ જ્ઞાન જ્ઞાયક ભાવમાં એકાકાર લીન થતું જાય છે આ રીતે વિશુદ્ધિ પુણ્ય બંધનું કારણ હોઈને પણ ઘાતિકર્મની પાપપ્રકૃતિઓની હાનિરૂપની નિર્જરા કરે છે તેથી તેને પરંપરા નિર્વાણનું કારણ કહેલ છે. નિર્વાણનું સાક્ષાત સાક્ષાત કારણ તો જ્ઞાનની જ્ઞાનમાં નિરંતર સંચેતન રૂપની અવસ્થિતિ જ છે પરંતુ તેવી શક્તિની ઉત્પત્તિનું કારણ વિશુદ્ધિ જ છે.

૧૭. આચાર્યએ અનેકવાર "વીતરાગ સ્વસંવેદનજ્ઞાન" શબ્દ વાપર્યો છે તેથી પ્રશ્ન કર્યો છે કે "શું સ્વસંવેદનજ્ઞાન સરાગ પણ હોય છે?" તેનો જવાબ આચાર્યએ આપ્યો છે કે વિષયસુખના અનુભવ આનંદરૂપ સ્વસંવેદન જ્ઞાનને સરાગ કહ્યું છે. શુદ્ધાત્મસુખાનુભૂતિરૂપ સ્વસંવેદનજ્ઞાનને વીતરાગ કહ્યું છે જે સરાગ સમ્યગ્દૃષ્ટિ છે તેને શુદ્ધાત્મસુખની અનુભૂતિરૂપ સ્વસંવેદનજ્ઞાન હોતું નથી. જો હોય તો સરાગ સમ્યગ્દૃષ્ટિ ન કહેવાતાં વીતરાગ સમ્યગ્દૃષ્ટિ નામ પામે તેથી નિજા-ત્માની અનુભૂતિરૂપ નિર્વિકલ્પ સમાધિ કે જે પરમ સમરસી ભાવસ્વરૂપ પરમ સામાયિક સંયમરૂપે પરિણત જ્ઞાન તે વીતરાગ સ્વસંવેદન છે. સરાગ સમ્યગ્દૃષ્ટિને આવો પરમસામાયિક સંયમ હોતો નથી તેથી તે અવિરત અસંયત સમ્યગ્દૃષ્ટિને પણ હોતો નથી, જે અસંયત

સમ્યગ્દ્રષ્ટિને પરમસામાયિક સંયમરૂપ નિર્વિકાર સ્વ સંવેદન હોય તો તે અસંયત રહેતો નથી, સંયત થઈ જાય છે તેથી જે સરાગ સમ્યગ્દ્રષ્ટિ છે, અસંયત સમ્યગ્દ્રષ્ટિ છે તે અશુભકર્મનું કતૃત્વ તજે છે, શુભનું નહીં વીતરાગ સમ્યગ્દ્રષ્ટિ થતાં શુભ અશુભ સર્વકર્મનું કતૃત્વ તજે છે. પરંતુ જેને સંરાગ સમ્યક્ત્વ તો દુર રહ્યું, મિથ્યાત્વ સહિત શુભકર્મની પણ જેનામાં પ્રચુર પણે હીનતા છે જે જીવોને પ્રગાઢપણે વિષય પિયાસા વર્તે છે તથા તે વિષય તૃપ્તિ અર્થે નિરંતર અનેક પ્રકારનાં અનીતિપુર્ણ મહાનિંદ્ય દુશ્ચરિત્રોમાં પાપાચારમાં લિન વર્તે છે તેવા શુભભાવના દિગંબરોને શુભ ભાવના ત્યાગનો પરમ શ્રમણોને ઉચિતપણે શોભાવમાન થાય તેવો ઉપદેશ આપવો તે ક્રમવિરૂદ્ધ શ્રમણમાર્ગ વિરૂદ્ધ, પરિપાટી વિરૂદ્ધ, દિગંબરત્વની પારિણામિકતાથી વિરૂદ્ધ, જિનાજ્ઞાના ભંગરૂપ લોપસમાન ઉત્સુત્ર પ્રરૂપણા છે. મારો વિનમ્ર અભિમત છે કે કાનજીસ્વામીએ દિગંબર ધર્મના નામે આવી સર્વથા એકાંતરૂપ ઉત્સુત્ર પ્રરૂપણા કરવી યોગ્ય નથી દિગંબર પરિપાટીમાં કુળક્રમાગત ધર્મવત્સલ બંધુઓ નિજહિત અર્થે યથાશક્તિ સ્વયં સર્વ અનુયોગનાં આગમોનો અભ્યાસ, મનન, ભાવના અને નિર્ણયાત્મક શ્રદ્ધાને કરે. મારું સુનમ્ર નિવેદન છે, કે જો માત્ર નિર્વાણમાર્ગ શ્રમણ પરિપાટી પ્રત્યેના અનુરાગવશ જે નિર્ગ્રંથમાર્ગ [illegible], [illegible], [illegible], અનુપમ, અખંડ,

અધ્યાત્મચારા ભણાવવું જોઈએ" પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયમાં શ્લોક ૭૮ માં શ્રી અમૃતચંદ્રસૂરિ આજ્ઞા ફરમાવે છે કે "આઠ મુળગુણોને ધારણ કર્યા વગર જિનમતના ઉપદેશને પાત્ર થતો નથી". ગોમ્મટસારની ટીકામાં જણાવેલ છે કે "પ્રાથમિક અવ્યુત્પન્નમતિ એવા મત રહિત જીવોને માટે પ્રવૃત થયેલો અનુયોગ તે પ્રથમાનુયોગ છે" આવા નિર્ગ્રંથોનાં વચનો વિદ્યમાન હોવા છતાં પણ પોતાની લૌકિક મોટાઈ અને કીર્તિલાલસા આદિની પુષ્ટિ થાય તે રીતે ઉપરોક્ત આચાર્ય વચનોની અવજ્ઞાપૂર્વક પરિપાટીથી વિરૂદ્ધ ઉપદેશ આપીને નિર્વાણ માર્ગની સર્વોપરિતાને જે રીતે ખંડિત કરવામાં આવે છે તે અધ્યાત્મ પ્રચાર નથી. અધ્યાત્મ પ્રચારના નામે, અધ્યાત્મની આડમાં, પરમ શુદ્ધનયરૂપી પારમેશ્વરી મહાવિદ્યા સાથે વ્યભિચારની લીલાઓ આદરવામાં કાનજીસ્વામી પ્રવૃત છે. દિગંબર પરિપાટીના જે બંધુઓ ગતાનુગતિક, પક્ષાગ્રહથી નિર્ણય કરવા નહિ યા લોકસંપર્કયુક્ત લોકદ્રષ્ટિથી જો કાનજીસ્વામીને અનુસરતા હોય તો મારૂં તેઓને વાત્સલ્યપૂર્ણ ભાવથી સૂચન છે કે તેઓ નિજઆત્માના ભલાથી સર્વ અનુયોગોનો સર્વ પ્રથમ અભ્યાસ કરે તેમાંથી અવિરૂદ્ધ નિજકલ્યાણકારી અભિપ્રાયને ગ્રહણ કરે અને જો તે અભિપ્રાયની સાથે કાનજીસ્વામીની પ્રરૂપણા સુસંગત લાગે તો વાત્સલ્ય યુક્ત થાય અને જો ન લાગે તો વિરક્ત થાય. માત્ર અંધ શ્રદ્ધાથી કે માત્ર લૌકિક અનુરાગના આશ્રયે કે માત્ર પોતાની પ્રજ્ઞાના જ આધારે કાનજીસ્વામીની પ્રરૂ-

પિછાણનારી મિથ્યાત્વને જ ઉપસ્થિત કરવામાં સંપૂર્ણ પણે સમર્થ છે. જ્યાં જિનસૂત્રો ન હોય ત્યાં અન્ય વચનોને પ્રમાણતાં હોય છે કિંતુ જ્યાં જિનવચનોરૂપ સૂત્રો હોય ત્યાં તે જિનવચનોથી પ્રતિકૂળ અન્ય કોઈ પણ વચનોને પ્રમાણતા નથી મનાતી સોનગઢ પ્રકાશીત છઢાળામાં ૩ જી ઢાળની ૧૫ મી ગાથામાં "પૈ સુરનાથ જજૈ હૈ" આ શબ્દોવડે અસંયત સમ્યગદૃષ્ટિની પ્રશંસા કરી છે તેમાં "જજૈ" શબ્દ 'યજ" ધાતુમાંથી ઉત્પન્ન થએલો છે. તેનો વ્યાકરણની દૃષ્ટિથી શબ્દઅર્થ જોઈએ તો "પૂજા" થાય છે, સોનગઢ મતે તે પ્રમાણે 'પૂજા" અર્થ કરીને પ્રસિદ્ધ કર્યું છે કે "અવ્રતી સમ્યકદૃષ્ટિની ઈંદ્ર પૂજા કરે છે "હવે "જજૈ" શબ્દના અર્થનું વિકૃતિકરણ કરીને કેવો વિપર્યાસ કર્યો છે તે જોઈએ. ગાથાનો પ્રાસ મેળવવા "જજૈ" શબ્દ મુકયો છે બીજું શબ્દનો અર્થ કરતાં યથાર્થ, મતાર્થ પરિપાટી તેમજ સિદ્ધાંત-જિનસૂત્રથી વિરોધ ન થાય તે રીતે અર્થ કરવો જોઈએ "અસંજદં ણ વંદે" આ જિનસૂત્રની ઉપસ્થિતિમાં "જજૈ" શબ્દનો "પૂજા" અર્થ કરવામાં આવે તો જિનસૂત્રનો ઘાત, છેદ થાય છે વળી આચાર્ય-વચનથી અંગશાસ્ત્રો પંડિતનાં (ગૃહસ્થનાં) વચનોને પ્રમાણ મની શકાય નહીં, પરિપાટી જોતાં દિગંબર સંપ્રદાયમાં પ્રસિદ્ધ નિયમ છે કે જિનદેવ જિનગુરૂ જિનસૂત્રને જ પૂજ્ય માનેલ છે તે જ દિગંબર મત છે. તેથી "જજૈ" શબ્દનો અર્થ "પૂજા" ન કરતાં "આદર સત્કાર"

સત્યવચનના નિયમને અભાવ છે, તેથી ઉપલબ્ધ જિનાગમોને યથાશકિત સંપુર્ણ અભ્યાસ કર્યા બાદ સત્ય અસત્યને નિર્ધાર થઈ શકે તે સિવાય નહીં અભ્યાસ બાદ ઉચિત પક્ષને સ્વીકારવો ખરેખર તો જેને આત્મહિતનીજ અંતરવૃત્તિ છે તે પક્ષના આગ્રહ રહિતપણે આત્મહિત કરી શકે છે

(૯) "ઇતિ યો જાનાતિ મિથ્યાત્વ વિષયકષાય પરિત્યાગં કૃત્વા નિર્વિકલ્પ સમાધૌ સ્થિત સન સજ્ઞાની ભવતિ। ન ચ પરીજ્ઞાન માત્રેણ। વીતરાગ સ્વસંવેદન જ્ઞાની જીવઃ શુદ્ધનયેન શુદ્ધ ઉપાદાનરૂપેણ શુદ્ધ જ્ઞાનસ્યૈવ કર્તા। ગાથા ૧૦૧ની ટીકા.

અર્થઃ-મિથ્યાત્વ વિષયકષાયનો પરિત્યાગ કરીને નિર્વિકલ્પ સમાધિમાં જે સ્થિત થાય છે તે જ્ઞાની છે માત્ર પરિજ્ઞાન વડે યાની નહીં (કાનજીસ્વામી સ્વયં અસંયમી છે તેઓ વિષયકષાયને પરિત્યાગ નથી તેથી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત નથી તેથી જ્ઞાની નથી. શાસ્ત્રનું પરિજ્ઞાન માત્ર તે જ્ઞાનીપણું નથી કારણ કે સ્વરૂપ નિમગ્નને જ્ઞાની સ્વીકારેલ છે.)

(૧૦) "સ ચ જ્ઞાની જીવઃ શુદ્ધોપયોગાત્ યદિ [illegible] ઉપાદાન [illegible] યદા પરિણમતિ તદા નિર્વિકલ્પ [illegible] વીતરાગ [illegible] [illegible] નિર્જરા [illegible] જ્ઞાની [illegible] [illegible] નિર્વિકલ્પ [illegible] । નિર્વિકલ્પ [illegible] યદા [illegible] પરિણમતિ તદા શુદ્ધાત્માનમુપાદેયં



સદ્ભાવમાં વીતરાગ સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યક્દર્શન, અભેદજ્ઞાન, શુદ્ધોપયોગની અંતરજ્ઞાનધારા ઈત્યાદિ પ્રરૂપે છે તે અસત્ય છે (૩) નિશ્ચય વિતરાગ સમ્યકત્વનો અભાવ થતાં સરાગ વ્યવહાર સમ્યકત્વ હોય છે. કાનજી સ્વામી અશુદ્ધોપયોગદશામાં નિશ્ચય સમ્યક્ત્વ બતાવીને વીતરાગ સમ્યકત્વનું અસ્તિત્વ પોતામાં સિંધ કરવાની કુયુક્તિઓ બતાવે છે. (૪) સરાગ સમ્યગ્દ્રષ્ટિ પરંપરા નિર્વાણના કારણરૂપ પુણ્યપદાર્થનો કર્તા થાય છે. જ્યારે કાનજીસ્વામી તીવ્ર મિથ્યાદ્રષ્ટિ પાપાચારમાં પ્રવિષ્ટ જીવોને પુણ્યપદાર્થનું કર્તૃત્વ તજવાનો ઉપદેશ આપે છે તેથી દિગંબર જૈન પરિપાટીના ધર્મવત્સલ બંધુઓ સર્વ અનુયોગનાં આગમો જોઈને સ્વયં નિર્ધાર કરે તેવી મારી વિનમ્ર ભાવના છે આગમ નિર્ધાર માટે પરાશ્રય બુદ્ધિ તજવી ઘટે. અન્ય લોકમાન્ય વિદ્વાન, લોકપ્રસિદ્ધ ધર્માત્મા, લૌકિક સ્નેહી સ્વજન કે લોકમાન્ય સમાજ પ્રતિષ્ઠિત વ્યક્તિના આધારે નિર્ધાર ન કરતાં નિજપ્રજ્ઞાના જ બળે જિનસૂત્રોનો અભ્યાસ કરીને સૂત્રાનુસારી પ્રજ્ઞા વડે નિર્ધાર કરવો. હું પણ અલ્પજ્ઞ મંદબુદ્ધિ છું મારૂં જ્ઞાન પણ ક્ષયોપશમ જ્ઞાન છે. મારામાં પણ ક્ષતિઓની સંભાવના છે તેથી સ્વજનો નિજ હિત અર્થે પરંપરા અવિરૂદ્ધ મતિરૂપ પ્રણાલીથી સંપ્રાપ્ત જિનાગમોનું જ શરણ લે.

લેખાંક ૬ ઠ્ઠો

સોનગઢના કાનજીસ્વામીએ દિગંબર પ્રણાલિ, નિર્વાણમાર્ગની પારિણામિકતામાં કુતર્ક અને કુયુક્તિના બળે જે ભ્રામકતા ઉત્પન્ન કરી છે તેનું ઉદાહરણઃ— અધ્યાત્મ ગ્રંથની પરિભાષામાં સોનગઢના કાનજીસ્વામી એક માત્ર સમયસારાદિ દ્રવ્યદૃષ્ટિ પ્રધાન પરમશુદ્ધનયની વિવક્ષાવાળા ગ્રંથોને જ પ્રમાણતા માને છે શ્રી વીરસેન સ્વામી ધવલ ટીકા પુસ્તક ૧૩ માં પૃષ્ઠ ૩૬/૩૭ ઉપર લખે છે કેઃ—

"અધ્યાત્મને વિષય કરનારાળા આ ખંડ ગ્રંથની અપેક્ષા કર્મસ્કંધ પ્રકરણ પ્રાપ્ત છે"

"અહીં અધ્યાત્મ વિદ્યાનું પ્રકરણ છે તેથી અનેક વિવાદરૂપ અનધ્યાત્મ વિદ્યાનું પ્રકૃતમાં કથન કરવું બની શકતું નથી"

"અધ્યાત્મ શાસ્ત્રનો અર્થ છે કે આત્માની વિવિધ અવસ્થાઓ અને તેના મુખ્ય નિમિત્તોનું પ્રતિપાદન કરવાવાળું શાસ્ત્ર."

ધવલ ટીકા પુ ૧૫ પૃ. ૩ ઉપર લખેલ છે કેઃ—

"કર્મનિબંધનને જ ગ્રહણ કરવું જોઈએ, કારણ કે અહિં અધ્યાત્મ વિદ્યાનો અધિકાર છે."

ઉપરોક્ત આગમવચનો અનુસાર ષટ્ખંડાગમ–કષાય-પાહુડ આદિ આગમો અધ્યાત્મ ગ્રંથો છે તેમ આચાર્ય

શ્રી વીરસેન સ્વામીનો અભિમત છે. કાનજીસ્વામી, આચાર્ય કરતાં પોતાની અત્યલ્પ મતિના બળે આ પરમાગમોને અધ્યાત્મ ગ્રંથરૂપે સ્વીકારતા નથી. જો અધ્યાત્મ ગ્રંથ તરીકે આ આગમોને સ્વીકારતા હોય તો તેનું સ્વાધ્યાય–પ્રવચન જાહેરમાં શા માટે નથી? શું આ જિનવાણી નથી? ખરેખર તો સમયસારાદિ રૂપ પારમેશ્વરી પરમાગમોનાં રહસ્યોનું વિસ્ફોટન કરવામાં ષટ્ખંડાગમ કષાયપાહુડ આદિ પરમાગમો વિશેષપણે સહાયક છે અર્થાત ષટખંડાગમ–કષાયપાહુડ–ગોમ્મટસારના અભ્યાસ વગર સમયસારની પારમેશ્વરી વિદ્યાના અનુપમ ભાવોનું યથાર્થ અવગાહન સંભવ નથી તેથી કાનજીસ્વામી માત્ર પરમશુદ્ધનયના વિષયભૂત પારમેશ્વરી વિદ્યાના પ્રતિપાદક દ્રવ્યદૃષ્ટિપ્રધાન ગ્રંથોને જ અધ્યાત્મ શાસ્ત્ર માને છે તે સર્વથા યુક્ત નથી દ્રવ્ય સામાન્ય વિશેષાત્મક છે. સામાન્યની પ્રધાનતા વડે દ્રવ્યાર્થિક નયની પ્રધાનતાથી સમયસારમાં કથન છે. વિશેષની પ્રધાનતાથી–પર્યાયાર્થિક નયની પ્રધાનતાથી ષટખંડાગમાદિમાં કથન છે. વસ્તુસ્વરૂપને–દ્રવ્યસ્વરૂપને યથાર્થપણે જાણવા માટે તેને સામાન્ય અને વિશેષ બંન્ને વિવક્ષાથી, દ્રવ્ય અને પર્યાય બંન્ને નયોથી વસ્તુને જાણવી તેનું નામ દ્રવ્યદૃષ્ટિ છે માત્ર સામાન્યને જાણવું તે દ્રવ્યદૃષ્ટિ નથી પરંતુ દ્રવ્યાર્થિક નય નિશ્ચયાત્મક દૃષ્ટિ છે તેથી શુદ્ધ દ્રવ્યાર્થિક નયનું પ્રતિપાદન કરનારા સમયસારની અને પર્યાયાર્થિક નયનું પ્રતિપાદન કરનારા

મરણાંતાગમા હિને અજ્ઞાનીને જ યથાર્થ દ્રવ્યદ્રષ્ટિ થાય છે. દ્રવ્યદ્રષ્ટિના લક્ષપૂર્વક પર્યાયાશ્રિત અશુદ્ધિને ટાળવા, સર્વથા એકાંત શાશ્વત પણારૂપ દ્રવ્યને અને સર્વથા એકાંત અધ્રુવપણારૂપ પર્યાય ટાળવાપણાનો અભાવ હોવાથી તજવા. અનેકાંત નયપક્ષો વડે અનેકાંત સ્વભાવી વસ્તુનું અનેકાંતપણું લક્ષમાં લઈને, સમ્યક એકાંતરૂપ પરમાર્થનું અવલંબન કરવું તે જ અનેકાંતનું ફળ છે અનેકાંતનું યથાર્થ લક્ષ કરવા માટે નિશ્ચય અને વ્યવહાર દ્રવ્ય અને પર્યાય દ્રવ્યગુણપર્યાય ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, શુદ્ધનય અને અશુદ્ધનય આદિ સર્વ પડખાંરૂપે નય-વિભાગની દ્રષ્ટિ સમજવી જોઈએ તે સમજતાં અનેકાંત સ્વભાવી વસ્તુનું સ્વરૂપ યથાર્થ પણે જણાય છે અને વસ્તુનું યથાર્થ સ્વરૂપ જણાતાં તેમાંથી શુદ્ધ નિશ્ચયમાં પ્રયોજન ભૂત પડખાને પ્રધાનપણે ગ્રહણ કરવું તેનું નામ સમ્યક એકાંતનું ગ્રહણ છે, તેથી સમ્યક એકાંતનું ગ્રહણ અનેકાંતની સમજ વગર બનતું નથી અને અનેકાંતની સમજ એકાંતરૂપ નયવાદની દ્રષ્ટિઓને જાણ્યા વગર સંભવ નથી એકાંતરૂપ નયવાદની દ્રષ્ટિને જાણવા શુદ્ધ-નયના વિષયનું પ્રતિપાદન કરનાર સમયસાર અને અશુદ્ધનયના વિષયનું પ્રતિપાદન કરનાર ષટ્ખંડાગમને જાણવા વગર સ્યાદ્વાદ વિધિનું [illegible] નથી. માત્ર એકજ નયના વિષયને લક્ષમાં રાખીને એકાંત

પક્ષની માન્યતા દૃઢ થાય છે તે મિથ્યાત્વને ઉપસ્થિત કરે છે અર્થાત મિથ્યાત્વને દૃઢીભુત કરે છે. અહીં પ્રશ્નઃ—

શંકાઃ—આયુ અલ્પ છે, જંજાળ મોટી છે, શ્રુતિઓનો પાર નથી તથી મોક્ષપ્રાપ્તિમાં પ્રયોજનભુત એવા સમયસારાદિ દ્રવ્યાનુયોગના અભ્યાસથી કાર્યસિદ્ધિ થાય છે પછી અન્ય ગ્રંથોને શા માટે અભ્યાસવાં?

સમાધાનઃ—ભાઈ આ તારી ભ્રમણા કુતર્કવાદીઓ વડે ઉત્પન્ન થયેલ છે આયુ અલ્પ છે, જંજાળ મોટી છે અને શ્રુતિઓનો પાર નથી તેમ તું કહે છે તો પછી જો તને ખરેખર મોક્ષની અભિલાષા છે તો જંજાળ ઓછી કેમ નથી કરતો? જંજાળને તો વધારે છે પોષે છે રહ્યો છે અને શ્રુતાભ્યાસ માટે સમય નથી તેવુ બહાનું કાઢે છે તેથી જણાય છે કે તારી રૂચી વિપરીત વિક્ષુબ્ધ છે વળી તું સમયસારને વાંચે છે તે તો ભલુ છે પરંતુ અન્ય વિવક્ષાનાં ગ્રંથો નહીં વાંચે ત્યાં સુધી તને સમયસારની યથાર્થરૂપ દ્રષ્ટિ સમજાશે નહીં વિષય પ્રતિબદ્ધતાની પુષ્ટિ અર્થે પરમશુદ્ધનયની પરમો ચર્ચા વિદ્યાની આડ લઈ સ્વચ્છંદ પુષ્ટિની દ્રષ્ટિ છે તેથી તું અન્ય આગમોનો અભ્યાસ કરવા નિષેધ કરે છે તુ ભલે સર્વ આગમોને ન વાંચીશ પરંતુ ચારે અનુયોગના એકેએક આગમનો તો મુખ્ય અભ્યાસ કર સમયસાર પ્રવચનસાર ષટ્ખંડાગમ ગોમ્મટસાર મૂળાચાર રત્નકરંડશ્રાવકાચાર અને મહાપુરાણ આટલાં જ આગમોનો

ધ્યાનમાં એકાદ મિનિટ પણ નહીં રહે. તો પછી બાકીનો સમય કયા ધ્યાનમાં તારા ઉપયોગને રાખીશ ? તને અન્ય અનુયોગોનું જ્ઞાન નથી તો પછી તેનું ધ્યાન કેવી રીત કરીશ ? વિચાર કર. ભાઇ, તને અન્ય આગમોનો અભ્યાસ ન હોવાથી તથા અધ્યાત્મ ગ્રંથોમાં પણ તું માત્ર અસંયત એવા કાનજીસ્વામીની કથની છે તેનું જ આગમ માની સ્વાધ્યાય કરે છે પરંતુ ખરેખર તો અધ્યાત્મ ગ્રંથ એટલે આર્ષ મહર્ષિઓ દ્વારા રચાયેલ સમયસારાદિ ગ્રંથો અને તેની સર્વ ટીકાઓનો તારે સ્વયં અભ્યાસ કરવો જોઇએ. એક બાજુ દિગંબરોને ભરમાવવાનો—છેતરવાનો ઠરાવ કરે છે કે અસંયમીને ન પુજવા, અને બીજી બાજુ સ્વયં કાનજીસ્વામી તેનો ભંગ કરે છે અને જિનદેવને વિરાજમાન કરાવી, જિનદેવનાં સ્તવન ન કરાવતાં જિનદેવની સમિપમાં પોતાના ઢુંઢક ગૃહિત મિથ્યાદ્રષ્ટિ શિષ્યો પાસે પોતાનાં સ્તવન ભક્તિ કરાવે છે. અને મિથ્યાદ્રષ્ટિ શિષ્યો ભક્તિ કરે ત્યારે જાણું કે ધ્યાનમાં નિમગ્ન થઇ ગયા હોય તેમ ભક્તિને સાંભળી ડોલે, તેને શું તમે જિનભક્તિ કહો છો ? મુંબઇમાં પોતાને ઉતારે સમવસરણનું પ્રતિક બનાવડાવીને તેમાં જિનવેદિકા ઉપર સિંહાસન ઉપર પોતાના ફોટા અસંયત સવસ્ત્ર દશાના ચારે દિશાઓમાં મુકી પછી કાનજીસ્વામી સ્વયં લોકોને કહેતા કે "આ સમવસરણના દર્શન કરતા જાવ, વચ્ચે "ભગવાન" બેઠા છે" પ્રતિષ્ઠા વખતે જિનદેવનાં કલ્યાણકોનું નાટક થયું તે જોતાં તેમની આંખો ભગડતી

નિર્ગ્રંથ તપોધનનાં વચનોને પ્રમાણતા આપવી. ત્યારબાદ સંયતાસંયત એવા ગૃહસ્થોનાં વચનોને પ્રમાણતા આપવી ત્યારબાદ જિનાભિહિત મતથી સુસંગત જેનો બાહ્યાચાર છે વ્યવહાર સમ્યકત્વ સહિત છે તેવા અસંયતનાં વચનો માત્ર સાંભળવાં અને સૂત્રો સાથે મેળવી જો યુકત પ્રતિત થાય તો તેનો વાત્સલ્યભાવ સહિત આદરસત્કાર કરવો. આ છે દિગંબર પરિપાટી માન્ય પ્રણાલિકા અમે અધ્યાત્મનો અભ્યાસ કરવાનું નિષેધતા નથી પરંતુ તેના અભ્યાસ માટેની યોગ્યતા મેળવવા પ્રથમ શ્રાવકાચારનો અભ્યાસ કરવો જોઇએ, પ્રથમાનુયોગ કરણાનુયોગને વાંચવા જોઈએ ત્યારબાદ અધ્યાત્મ આગમોનો અભ્યાસ કરો અધ્યાત્મની દ્રષ્ટિ સમજવા માટે કષાયોની હાનિ થયેલ હોવી જોઇએ અને કષાયની હાનિના સદ્ભાવને સૂચક એના અષ્ટ મુળ ગુણોનું ધારણ હોવું જોઈએ. કષાયો મંદ થતાં મહા પાપરૂપ અષ્ટ પદાર્થ (અભક્ષ્યસેવન) ન જ હોય અને તે અભક્ષ્યભક્ષણ અને 'રાજધનની ચોરી આદિ અનંતાનુબંધીનાં કાર્યો જેને ન હોય તે અધ્યાત્મ વિદ્યાનો અધીકારી છે"

કાનજીસ્વામી શુભોપયોગનો સર્વથા નિષેધ કરે છે અને કહે છે કે તે તો બંધનું કારણ છે જે બંધનું કારણ હોય તે નિર્જરાનું કારણ કેમ થાય? આ વાત તેમની [illegible] નથી જુઓ આત્મધર્મ પુ ૧૩માં લખેલ છે કેઃ-

ઉત્કૃષ્ટપણે નથી થતી આત્મચિંતવન, નિજસ્વભાવનું ચિંતવન સમ્યક રત્નત્રયની ભાવના, વૈરાગ્ય ભાવના, બાર અનુપ્રેક્ષા, દ્રવ્યગુણપર્યાય, ઉત્પાદવ્યય ધ્રૌવ્યનું ચિંતવન, સ્વરૂપ વિચાર આદિ સ્વલક્ષી વિશુધ્ધિ છે તેનાથી ઘણીજ કર્મનિર્જરા થાય છે. કર્મનિર્જરા થવા છતાં તે શુભોપયોગરૂપ હોવાથી તેનાથી શુભ અવ પણ થાય છે તેથી કાનજીસ્વામીશુભોપયોગને હેય કહે છે તે આગમસમત નથી. અહિંપણ વિવક્ષા સમજવી. આ શુભોપયોગ રાગદિકની હાનિનું કારણ છે તેથી તે કર્મક્ષયનું નિમિત્ત છે. તે વાત લક્ષમાં લેવી. રાગાદિક કષાયોનું ઘટવુ અર્થાત આર્તરૌદ્રધ્યાનરૂપ રાગાદિક રૂપ કષાયોનું ઘટવું અને પરલક્ષી વિશુધ્ધિમાં આવવું તેને કષાયોની ઉત્તરોઉત્તર હાની કહે છે "પુણ્યબંધ સંસારનું કારણ છે" એમ સર્વથા એકાંત કહેવું ઉચિત નથી. પુણ્યબંધ સંસારનું જ કારણ હોય તો ૬ઠા ગુણસ્થાન કરતાં ૭મા ગુણસ્થાને અનંતગુણ પુણ્ય બંધાય છે ૭મા કરતાં ૮મામાં, ૮મા કરતાં ૯મામાં, ૯મા કરતાં ૧૦મામાં, ૧૦મા કરતાં ૧૧મામાં, ૧૧મા કરતાં ૧૨મામાં, ૧૨મા કરતાં ૧૩મામાં ઉત્તરોત્તર અનંતગુણ પુણ્ય હોય છે એ પુણ્ય સંસારનુંજ કારણ હોય તો અનંતગુણા પુણ્યબંધ સહિત હોવા છતાં વીતરાગતા અને સર્વજ્ઞતા કેમ પ્રગટે? ઘાતિકર્મો સંસાર છે, પુણ્ય સંસારનું કારણ છે તો પછી સંસારના કારણરૂપ પુણ્યના સદ્ભાવમાં વીતરાગતા ન જ પ્રગટે. અર્હંત જિનને પણ

પુણ્યબંધ થાય છે છતાં સર્વજ્ઞતા અને વીતરાગતામાં બાધા આવતી નથી. પુણ્યબંધનું કારણ કષાય નથી, વિશુદ્ધિ પુણ્યબંધનું કારણ છે. તે વિશુદ્ધિ પુણ્યની અઘાતિકર્મની વેદનીયની સાતા પ્રકૃતિની બંધક હોવા છતાં, ઘાતિકર્મની સર્વ પાપ પ્રકૃતિઓની ઘાતક છે અને ઘાતિકર્મો સંસાર છે તેથી વિશુદ્ધિ સંસારની છેદક છે.

સોનગઢ અનુયાયીઃ—વિશુદ્ધિ તો કષાય છે? તેનાથી બંધ થાય, બંધનો અભાવ ન થાય તેથી તમો વિશુદ્ધિને સંસારના અભાવનું કારણ કેવી રીતે કહો છો?

સમાધાનઃ—વિશુદ્ધિ કષાયમાં નથી કષાય ઘાતિકર્મની ચારિત્ર મોહની પ્રકૃતિ છે જો વિશુદ્ધિ કષાય હોય તો અર્હંત જિનને પણ વિશુદ્ધિ છે કારણ કે સાતાનો બંધ થાય છે, તેથી શું અર્હંતને કષાયનો સદ્ભાવ છે? ના માટે વિશુદ્ધિ તે કષાય નથી કિંતુ કષાયોની હાનિનું કારણ વિશુદ્ધિ છે. કષાયોની હાની તે વિશુદ્ધિનું લક્ષણ નથી. વિશુદ્ધિ તે કષાયોની હાનિનું કારણ છે અર્થાત કષાયોની હાનિ તે વિશુદ્ધિનું કાર્ય છે લક્ષણ નહિ. કારણ-કાર્ય અને લક્ષ્ય-લક્ષણમાં અંતર છે "બીજું" બંધ થાય તે સર્વ છે, પરંતુ કયો બંધ? ઘાતિકર્મનો કે અઘાતિકર્મનો? પુણ્યનો કે પાપનો? સાતાદિ પ્રશસ્ત પ્રકૃતિઓના બંધના કારણરૂપ અને ઘાતિકર્મ આદિ સર્વ અપ્રશસ્ત પ્રકૃતિઓનાં સ્થિતિકાંડકઘાત અનુભાગકાંડકઘાત ગુણસંક્રમણાપવર્તના ઘાત આદિ વડે અસંખ્યાતમા ગુણા

પુણ્યબંધનું કારણ છે? ના. સંયમીઓને પણ પુણ્યબંધ થાય છે તેથી અસંયમ પુણ્યબંધનું કારણ નથી. સંયમ પુણ્યબંધનું કારણ છે? ના, અસંયમીઓને પણ પુણ્યબંધ થાય છે તેથી સંયમ પુણ્યબંધનું કારણ નથી. મંદ કષાય પુણ્યબંધનું કારણ છે? ના, ૭મી નરકમાં તીવ્ર કષાય-વાળા કેટલાક જીવોને પુણ્યબંધ થાય છે તેથી મંદ કષાય પુણ્યબંધનું કારણ નથી. તીવ્ર કષાય પુણ્યબંધનું કારણ છે? ના, સર્વાર્થસિદ્ધિના મંદ કષાયી જીવોને પણ પુણ્યબંધ થાય છે તેથી તીવ્ર કષાય પુણ્યબંધનું કારણ નથી. કષાય સામાન્ય પુણ્યબંધનું કારણ છે? ના, કષાય રહિત વીતરાગી જિનોને પણ પુણ્યબંધ થાય છે. પ્રમાદ પુણ્યબંધનું કારણ છે? ના, અપ્રમત્ત જીવોને પણ પુણ્યબંધ થાય છે તેથી પ્રમાદ પુણ્યબંધનું કારણ નથી. અપ્રમત્તભાવ પુણ્યબંધનું કારણ છે? ના, પ્રમત્ત જીવોને પણ પુણ્યબંધ થાય છે તેથી અપ્રમત્તભાવ પણ પુણ્યબંધનું કારણ નથી. તો પછી પુણ્યબંધનું કારણ શું? સંક્લેશ અને વિશુદ્ધિ, તે બે [illegible] સંક્લેશ પાપનું કારણ, [illegible] અરિહંત જિનને [illegible] છે તેથી [illegible] થયું [illegible] પ્રકૃતિના બંધનું કારણ [illegible] છે પ્રકૃતિબંધનું કારણ [illegible] પ્રકૃતિઓનાં [illegible] પુણ્યબંધનું [illegible]

(લેખાંક ૭મો)

સાગરના મૂલ વિષયક જ્ઞાન ન હોવાથી 'આ ન હોઈ શકે' એમ કહેવું શક્ય નથી. શ્રુતનું અનુસરણ કરનારાઓએ તર્કોથી અવિરુદ્ધ વ્યાખ્યાનનું અવલંબન લેવું જોઈએ. સ્વ સિદ્ધાંતની સંપૂર્ણતામાં લોકોને ધર્મશ્રદ્ધાથી ડગાવવાની હીનતાનું કારણ ન બનવું જોઈએ.

(૧૧) "યઃ પ્રથમ યોગિન્દ્રઃ સ્વયં કેવલજ્ઞાને સ્થિતઃ શુભોપયોગ પરિણામરૂપં ધર્મં પ્રવર્તયન્ [illegible] નિરવદ્યાત્મક પરિણામેન [illegible] [illegible] આત્મનઃ"

આચાર્ય [illegible] ની ટીકામાં [illegible] [illegible].

અર્થ:– જે પ્રથમ યોગિન્દ્ર છે તે સ્વયં કેવળ જ્ઞાનમાં સ્થિત થઈને શુભોપયોગ પરિણામરૂપ ધર્મને પ્રવર્તાવે [illegible] નિરવદ્યાત્મક રૂપે પરિણત [illegible] [illegible] [illegible] જ્ઞાન વડે આત્માને [illegible] કે અનુભવે છે.

સમીક્ષા:– શુભોપયોગાત્મક [illegible] [illegible] [illegible] પ્રથમ યોગિન્દ્રોએ [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] છે. [illegible]

ક્રમવિરુદ્ધ ઉપદેશ આપવો તેજ શ્રુતનું અવમૂલ્યાંકન છે. શ્રી જિનસેનાચાર્યદેવ આદિપુરાણ સર્ગ ૩૮ શ્લોક ૧૧૮ માં સ્પષ્ટ આદેશ આપે છે કે 'સર્વ પ્રથમ શ્રાવકાચાર ભણાવવો જોઇએ ત્યાર બાદ વિનયપૂર્વક અધ્યાત્મ વિદ્યા ભણાવવી જોઇએ.' શ્રી અમૃતચંદ્રસુરિ પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયમાં પ્રતિપાદન કરે છે કે આઠ મૂળ ગુણો (માંસ મદિરા, હિંસાદિ પાંચ પાપ, પાંચ ઉદંબર ફળોનો ત્યાગ) ને ધારણ કર્યા નથી તે જિનોપદેશને પાત્ર નથી.' આમ કાનજી સ્વામીની ઉપદેશ પરિપાટી આર્ષાજ્ઞાથી પરાન્મુખ છે.

(૧૨) 'યસ્તુ શુદ્ધાત્મ ભાવનાસાધનાર્થં બહિરંગ વ્રત તપશ્ચરણ દાન પૂજાદિકં કરોતિ સપરંપરયા મોક્ષં લભતે' ગાથા ૧૪૩ ની ટીકા.

અર્થ;-શુધ્ધાત્મ ભાવનાની સિધ્ધિઅર્થે જે બહિરંગ વ્રત તપ દાન પૂજાદિકને કરે છે તે પરંપરાએ મોક્ષને પામે છે.

સમીક્ષા:-કાનજી-સ્વામીએ સોનગઢથી પ્રકાશીત છ ઢાળામાં (૨જી ઢાળ) દયા દાન પૂજા મહાવ્રતોનો ઉપદેશ આપનાર શાસ્ત્રને કુશાસ્ત્ર કહેલ છે. આ રીતે કાનજી સ્વામીએ સમયસારની ટીકાને પણ કુશાસ્ત્રમાં ગણાવી.

(૧૩) 'એવમેવાજ્ઞાની જીવ પુરુષઃ શુદ્ધાત્મોત્થ સુખાત્પ્રચ્યુતઃ સન ઉદયાગતં કર્મરજઃ સેવતે વિષય સુખ નિમિત્તં તસ્ય સોઽપિ પૂર્વો પાર્જિત......ગાથા ૨૨૪ થી ૨૨૭ ની ટીકા.

અર્થ:-આ પ્રમાણે અજ્ઞાની જીવ પુરુષ શુદ્ધાત્મોત્થ

નજરમાં ૭મી નરકનો સમ્યગ્દષ્ટિ નારકી તીવ્રકષાયી જણાય છે અને મહાવ્રતોને ધારણ કરનાર મિથ્યાદષ્ટિ મંદ કષાયી જણાય છે. પરંતુ અંતરનો ભેદ સ્વાનુભવની પ્રધાનતાથીજ જણાય છે.

(૧૪) " સરાગ વીતરાગ ભેદેન દ્વિધા સમ્યગ્દષ્ટિ ર્ભવતિ। તત્ર યોઽસૌ સરાગ સમ્યગ્દષ્ટિઃ બંધત્રિભંગ કથિત બંધ વિચ્છેદ ક્રમેણ મિથ્યાદૃષ્ટ્યપેક્ષયા ત્રિચત્વારિંશત્પ્રકૃતિનામ બંધકઃ। સપ્તાધિક સપ્તતિ પ્રકૃતિનામલ્પ સ્થિત્યનુભાગ રૂપાણાં બંધકોઽપિસન સંસાર સ્થિતિચ્છેદકો ભવતિ। તેન કારણેનાબંધક ઇતિ। તથૈવાવિરતિ સમ્યગ્દૃષ્ટે ગુણ સ્થાનાદુપરિ યથા સંભવં સરાગ સમ્યકત્વ પર્યંતં અધસ્તન ગુણસ્થાનાપેક્ષયા તારતમ્યેના બંધકઃ। ઉપરિમ ગુણસ્થાનાપેક્ષયા પુનર્બંધકઃ। તતશ્ચ વીતરાગ સમ્યકત્વે જાતે સાક્ષાદબંધકો ભવતિ. ઇતિ મત્વા વયં સમ્યગ્દષ્ટેઃ સર્વથા બંધો નાસ્તીતિ ન વકતવ્યં "।

ગાથા ૧૬૬ ની ટીકા

અર્થ;—સરાગ અને વીતરાગ એવા ભેદો વડે બે પ્રકારના સમ્યગ્દષ્ટિ હોય છે. ત્યાં જે સમ્યગ્દષ્ટિ છે તે બંધ ત્રિભંગ કથિત બંધ વિચ્છેદના ક્રમથી મિથ્યા દષ્ટિની અપેક્ષાએ ૪૩ પ્રકૃતિઓનો અબંધક છે. ૭૭ પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ અનુભાગ રૂપ બંધક થઇને પણ સંસાર સ્થિતિનો છેદક થાય છે. તે કારણે અબંધક છે. તેવીરીતે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનથી ઉપર યથા સંભવ સરાગ સમ્યકત્વ પર્યંત નીચેનાં ગુણસ્થાનોની અપેક્ષાએ તારતમ્યથી અબંધક છે અને ઉપરનાં ગુણસ્થાનોની અપેક્ષાએ બંધક છે તેથી વીતરાગ સમ્યકત્વ થતાં સાક્ષાત અબંધક થાય

છે, તેમ માનીને, ત્રણે સમ્યક્દૃષ્ટિઓને સર્વથા બંધ થતો નથી તેમ ન કહેવું."।

(સમીક્ષા.— આચાર્યે સરાગ વીતરાગ સમ્યક્ત્વ એમ બે ભેદ બતાવેલ છે. જ્યારે સરાગ સમ્યક્ત્વ હોય છે. ત્યારે વીતરાગ સમ્યક્ત્વ હોતુ નથી અને જ્યારે વીતરાગ સમ્યક્ત્વ હોય છે, ત્યારે સરાગ સમ્યક્ત્વ હોતું નથી તેમ સ્પષ્ટ જણાય છે. કાનજી સ્વામી સરાગ વીતરાગ સમ્યક્ત્વના ભેદ એક જ કાળે કરે છે જ્યારે આ આચાર્યે સ્પષ્ટ પોતે પૂર્વે ગાથા ૧૨૫ની ટીકામાં જણાવેલ છે કે "વીતરાગ સમ્યક્ત્વ તે નિશ્ચય સમ્યક્ત્વ છે." અને સરાગ સમ્યક્ત્વ તે નિશ્ચય સમ્યક્ત્વ ન હોવાથી વ્યવહાર સમ્યક્ત્વ છે તેમ સિદ્ધ થાય છે. કાનજી સ્વામી નિશ્ચય સમ્યક્ત્વના કાળે પણ વ્યવહાર સમ્યક્ત્વ પ્રતિપાદન કરે છે. આ રીતે તેમનું કથન આચાર્ય વચનથી વિરૂદ્ધ છે. આચાર્યે વીતરાગ સમ્યગ્દૃષ્ટિને સાક્ષાત્ અબંધક કહેલ છે સરાગ સમ્યગ્દૃષ્ટિને બંધક કહેલ છે. ત્યાં સરાગ સમ્યગ્દૃષ્ટિની પરિણતિ એવી [illegible] કે જેથી (તેનું પરિણામ [illegible] થઈ ગયું છે.) કે તે પરિણામોથી [illegible] પ્રકૃતિઓ બંધાતી નથી, [illegible] પ્રકૃતિઓની અપેક્ષાએ અબંધક કહેલ છે પરંતુ જે પ્રકૃતિઓ બંધાય છે, તેની અપેક્ષાએ તેને બંધક છે. [illegible] બંધનું કારણ છે, અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

લઇને સ્વચ્છંદી, પાપાચારમાં પ્રવિણ જીવોની વિષયપિપાસાની તૃપ્તિ થાય અને અજ્ઞાની મોહી મિથ્યાદૃષ્ટિઓની પાપલિલાઓ ઢંકાય તેવું સાધન પુરૂં પાડે છે અને સાથે પોતાની લિલાઓને શાસ્ત્રોકત ઠરાવવાનો અનધિકૃત પ્રયોગ પોતાની ગતિની બેજવાબદારી પૂર્વક કરીને અન્યને પણ પોતાના જ માર્ગ પ્રતિ ગમક કરીને કીર્તિલાલસાની પુષ્ટિ કરી રહયા છે. "જ્ઞાનીના ભોગ" જે લખ્યા છે તેનો અર્થ જે જીવ નિશ્ચય સમ્યકત્વરૂપ વીતરાગ સમ્યકત્વરૂપ પરિણામથી પરિણત થયેલ તેને જેટલે અંશે અબુદ્ધિપૂર્વકનો રાગ ભાવવર્તે છે તેટલે અંશે તે કર્મના ઉદયોને ભોગવે છે. તેથી તે કર્મોદયને ભોગવતો હોવા છતાં પરિણતિ ઉર્ધ્વ પરિણમી રહી છે તેથી તે ભોગની પ્રતિસમયય હાની જ કરતા જતા હોવાથી અને જેમ જેમ હાની થતી જાય છે. તેમ તેમ નિર્જરા થતી જાય છે તેથી તે કર્મોદયના ભોગને ઉપચારથી નિર્જરાનું નિમિત્ત કહેલ છે. પમા છઠ્ઠા ગુણસ્થાનવર્તી સરાગ સમ્યકત્વ યુકત દશાવાળા જીવને જ્ઞાની કહેવાની વિવિક્ષા સમયસારમાં નથી. વીતરાગ સમ્યકત્વ યુકત પરિણામોથી પરિણત જીવને જ્ઞાની કહેલ છે આ રીતે કાનજીસ્વામીની પ્રરૂપણા આગમથી પ્રતિકુળ છે. કારણ કે જે વ્યાખ્યાન આચાર્ય વચનથી પ્રતિકુળ હોય, જિનસુત્રથી વિરૂદ્ધ હોય તેને કુયુકત જ કહેવામાં આવે છે.

(૧૫) "નિશ્ચયં વ્યાખ્યાય પુનરપિ કિમર્થં વ્યવહારસ્ય વ્યાખ્યાનં ? ઇતિ ચેન્નૈવં ! અગ્નિ સુવર્ણ પાષાણયોરિવ નિશ્ચય વ્યવહારનયયોઃ પરસ્પર સાપેક્ષ ભાવ દર્શનાર્થમિતિ ।" ગાથા ૨૩૬ ટીકા

અર્થ:— નિશ્ચયનયનું વ્યાખ્યાન કર્યું પછી શા માટે વ્યવહારનયનું વ્યાખ્યાન કરો છો? નહીં, તેમ નથી. અગ્નિ સુવર્ણ પાષાણની જેમ નિશ્ચય વ્યવહાર નયને પરસ્પર સાધ્ય સાધક ભાવ છે તેમ દર્શાવવા માટે (વ્યવહારનયનું વ્યાખ્યાન કર્યું છે.)

(સમીક્ષા:— કાનજી સ્વામીની શૈલી ઉપરોક્ત આચાર્ય વચનથી સર્વથા પ્રતિકૂળ છે.)

(૧૬) "તૈલમ્રક્ષણાભાવે યથા તસ્ય બંધો ન ભવતિ તથા વીતરાગ સમ્યગ્દૃષ્ટે જીવસ્ય રાગાદ્યભાવાદ્ બંધો ન ભવતિ" । ગાથા. ૨૪૬ થી ૨૪૯ ટીકા.

અર્થ:— તેલ મર્દનનો અભાવ હોતાં જેવી રીતે રજબંધન નથી થતું તેવી રીતે વીતરાગ સમ્યગ્દૃષ્ટિ જીવને રાગાદિ ભાવનો અભાવ હોવાથી બંધ થતો નથી.

(સમીક્ષા:— સમયસારમાં વીતરાગ સમ્યગ્દૃષ્ટિ કહેલ છે વીતરાગ સમ્યગ્દૃષ્ટિ જીવને નિર્વિકલ્પ સમાધિરૂપ સ્વસંવેદનરૂપ સ્વાનુભૂતિ હોય છે. તેથી તે શુદ્ધોપયોગી હોય છે. તેને જ્ઞાની કહ્યો છે. સરાગ સમ્યગ્દૃષ્ટિને અજ્ઞાની કહ્યો છે કારણ કે તેને શુદ્ધોપયોગ નિયમથી નથી [illegible] દશામાં હોતું [illegible] સંભવિત નથી. કાનજીસ્વામી અવિરત સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહીને તેને સરાગ રાગાદિ ભાવ હોવા છતાં અબંધક કહે છે અને નિશ્ચયાભાસી બની આગમનો [illegible] અર્થ [illegible] છે. જે આગમના અભિપ્રાયથી વિરુદ્ધ છે. આવી રીતે અહીં કાનજીસ્વામી પોતાની [illegible] નિશ્ચયાભાસની [illegible]

(૧૮) "યદ્યપિ વિકલ્પરૂપ શુભોપયોગો યદ્યપિ મિથ્યાત્વાદિ વિષયકષાય પરિણતિરૂપ અશુભોપયોગાપેક્ષયા સવિકલ્પ સરાગ ચારિત્રાવસ્થાયામ્ અમૃત કુંભો ભવતિ"। ગાથા ૩૦૬ની ટીકા.

અર્થ:- આ [illegible] વિકલ્પરૂપ શુભોપયોગ-વ્યવહાર ચારિત્ર યદ્યપિ મિથ્યાત્વાદિ વિષય કષાય પરિણતિરૂપ અશુભોપયોગની અપેક્ષાએ સવિકલ્પ, સરાગ ચારિત્રની અવસ્થામાં અમૃતકુંભ થાય છે"

(સમીક્ષા:- સરખાવો કાનજી સ્વામીની [illegible] ઉપદેશ [illegible] [illegible])

(૧૯) "યથા નિર્વિષીકૃત વિષં મરણં ન કરોતિ તથા શુદ્ધાત્માભિમુખ પરિણામેન મંત્રસ્થાનીય વિશુદ્ધિ વિશેષ [illegible] વિનાશિત મિથ્યાત્વશક્તિઃ સન્ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પરિક્રમં ન [illegible]।" ટીકા ગાથા ૩૦૮ થી ૩૦૯

અર્થ:- જેવી રીતે નિર્વિષીકૃત વિષ મરણ કરતું નથી તેવી રીતે શુદ્ધાત્માભિમુખ-શુભ પરિણામરૂપ મંત્રસ્થાનીય વિશુદ્ધિ વિશેષ આત્માથી જેની મિથ્યાત્વ શક્તિ વિનાશીત કરવામાં આવી છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પરિક્રમ [illegible] ([illegible]) [illegible] નથી.

છે. તેમ પણ મુનિદિક્ષિત થઇ ગયા છે કે જેથી કુંદકુંદ અત્રે તે સમયસારની રચના પોતાના મુનિસંઘમાં રહેલા નિજ શિષ્યોને ઉપદેશ આપવાને કરેલ છે. વળી મુનિસંઘમાં બધા જ શિષ્યો સમ્યગ્દૃષ્ટિ હોય તેવું હોતું નથી. કારણકે દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ પણ હોય તેથી તે સર્વ શિષ્યોને ઉપકારી થાય તે દૃષ્ટિથી આ સમયસારની રચના કરવામાં આવી છે. ૨૦૧-૨૦૨ગાથાની આગળની ટીકા તથા ૧૯૩ની ટીકામાં જયસેનાચાર્યે સ્પષ્ટ લખેલ છે કે "અહિ આ ગ્રંથમાં વસ્તુગત્યા વીતરાગ સમ્યગ્દૃષ્ટિને જ ગ્રહણ કરવા અને ચોથા ગુણસ્થાનવર્તી સરાગ સમ્યગ્દૃષ્ટિને ગૌણવૃત્તિથી ગ્રહણ કરવા." ગાથા ૨૯ ની ટીકા "અહીં આ ગ્રંથમાં પાંચમા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનવર્તી વીતરાગ સમ્યગ્દૃષ્ટિને જ મુખ્યપણે ગ્રહણ કરવા. સરાગ સમ્યગ્દૃષ્ટિને ગૌણપણે ગ્રહણ કરવા "સમ્યગ્દૃષ્ટિ" શબ્દના વ્યાખ્યાનકાળે આજ તાત્પર્ય સમજવું."

ગાથા ૨૦૧-૨૦૨ ની ટીકા

સમાધાનઃ— આ કથન પૂરું સત્ય નથી. જિનસેના- આદિ પુરાણ શ્લોક ૧૧૮ માં (પર્વ ૩૯) કહે છે "[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિતર્ક પૂર્વક [illegible] [illegible] [illegible] [illegible] અમૃતચંદ્ર સૂરિએ પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયમાં શ્લોક માં જણાવ્યું છે કે "આઠ મૂળગુણો ને (માંસ, મદિરા, ઉદુંબર ફળ [illegible] પાંચ પાપનો ત્યાગ) ધારણ [illegible] જિનોપદેશને પાત્ર થવાતું નથી" આ ઉપર થી સ્પષ્ટ છે કે [illegible] [illegible] [illegible] [illegible] સમ્યગ્દર્શનની [illegible] [illegible] [illegible] નિર્ગ્રન્થ ગતિની પ્રાપ્તિ કરવા માટે છે, [illegible] [illegible] [illegible] ની પ્રાપ્તિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ની પ્રાપ્તિ [illegible] છે તેને [illegible] [illegible] માટે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

યોગ્યતાની સુચક "**સર્વ વિશુદ્ધતા**" હોય છે. રાજા, પ્રજા અને પ્રજાનાં ધન તથા ધર્મનો રક્ષક છે. રાજાની રક્ષા શકિત ધનબળ ઉપર અવલંબિત છે. રાજધનનું હરણ થતાં રાજાની ધર્મ રક્ષા કરવાની શકિત ક્ષીણ થાય છે. કરચોરી, દાણચોરી, કાળાં બજાર, દેવ દ્રવ્યની ચોરી ઇત્યાદિ રૂપે રાજધનની ચોરી કરીને તીવ્ર અનંતાનુબંધીના કષાયને કરનારા જીવો "સર્વ વિશુદ્ધ" કેવી રીતે હોઈ શકે? ન જ હોઈ શકે. જે સર્વ વિશુદ્ધ નથી, તે પછી ભલે ને પારમેશ્વરી મહા વિદ્યાનું દ્રવ્ય શ્રવણ કે દ્રવ્ય વચન વિલાસ કરતો દેખાતો હોય તો પણ તેની અંતરંગ સર્વ વિશુદ્ધિ નથી પરંતુ સર્વ સંકિલષ્ટતા વિદ્યમાન છે. કાર્ય તો અંતરંગ કારણોથી જ બાહ્ય તદ અનુકુળ સામગ્રીઓના સદ્ભાવમાં નિષ્પન્ન થાય છે અને જેને અંતરંગ કારણરૂપ સર્વ વિશુદ્ધતાનો અભાવ છે તેનું દ્રવ્ય શ્રવણ કે દ્રવ્ય વચન અજ્ઞાનનું નિરાકરણ કરવામાં અસમર્થ છે. તેથી પારમેશ્વરી વિદ્યાનો પ્રયોગ તો મહા શ્રમણ નિર્ગ્રંથ તપોધનોનાં પવિત્ર મુખમાં શોભે સર્વ સંકલિષ્ટ જીવોનાં મુખમાં શોભા ન પામે. જગત જનમનરંજન કરવું અન્ય બાબત છે, સર્વ વિશુદ્ધતાને ધારણ કરવી અન્ય બાબત છે. અહિં ઉપદેશ આપવાનો નિષેધ પ્રધાનપણે પ્રયોજનભૂત નથી પરંતુ સર્વ વિશુદ્ધતાને ધારણ કરવી તે જ અભિપ્રેત છે.

શંકા—સમ્યકદર્શન વગર વ્રત સાચાં નથી હોતાં તેથી પ્રથમ સમ્યકત્વ ધારવાનો પ્રયત્ન કરીએ તો?

સમાધાનઃ—સમ્યકત્વ ધારણ કરવાનો પ્રયત્ન કરો તેનો. અમે વિરોધ નથી પરંતુ સમ્યકત્વ ધારણ કરવાની

મુકી આ "ભગવાન" છે તેમ કહેવાની પાખંડ લીલાઓ ન કરે. તેથી જિનભવનની આડમાં દિગમ્બર જૈન બનાવવાની આડમાં અન્ય સંસાર લાલસા પુષ્ટ કરાઇ રહી છે. તેમ સ્પષ્ટ જણાય છે. શાસ્ત્રો છપાવવામાં પણ પોતાની માન્યતાના સમર્થન રૂપ અર્થો જ પ્રકાશીત થાય છે. કે જે ઉત્સુત્ર ભાષી પણું છે. તેથી પરમ પવિત્ર આર્ષ મહર્ષીરૂપ પ્રણાલીની અવિચલિત રક્ષા વૃદ્ધિ જ અમને ઈષ્ટ છે, મહર્ષિ પ્રણાલીથી પ્રતિકુળ પ્રવર્તન કરીને પણ તમે " દિગંબર જૈન " ના નામે પ્રચાર કરો છો. દિગંબર બનો તો સાચા બનો, બનાવટી નહીં.

શંકા;—દિગંબર સમાજ પણ અજ્ઞાનીઓથી ભરેલો છે ?

સમાધાન;—સત્ય છે. પરંતુ દિગંબર સમાજના અજ્ઞાનીઓના અજ્ઞાનની સિદ્ધિ વડે તમારા જ્ઞાનની સિદ્ધિ થતી નથી. તમારા જ્ઞાનનો વ્યાપાર ગૃહિતમિથ્યાત્વની પુષ્ટિમાં થાય છે તો દિગંબર સમાજના અજ્ઞાનીઓનો વ્યાપાર કષાય પુષ્ટિમાં થાય છે. કષાય કરતાં મિથ્યાત્વ મહાભયંકર છે. જે જ્ઞાન ગૃહિત મિથ્યાત્વનું સર્જન કરે તેને જ્ઞાન કેમ કહેવાય ? તે તો મહા અજ્ઞાન સિદ્ધ થયું.

શંકા;—બ્રહ્મચર્યનું પાલન કરે છે છતાં પણ નગ્ન બનાવટી કેમ કહો છો ?

પાલનની શકિત છે તેનામાં અણુવ્રતાદિ નીચેની ભુમિકાનાં પરિણામોની શકિત છે, કારણ કે અણુવ્રત તો બીજી પ્રતિમામાં આવે છે સામાયિક ૩જી પ્રતિમામાં આવે છે. પોષધોપવાસ ૪થી પ્રતિમામાં આવે છે આ પ્રમાણેનો ક્રમ છે. જે સામયિક પ્રતિમાને ધારણ કરે છે તેનામાં અણુવ્રતો

ને ધારણ કરવાની શકિત અવશ્ય છે પરંતુ તેનામાં પ્રોષધોપવાસ, સચિત્ત ભોજન ત્યાગ, રાત્રીભુકતી ત્યાગ બ્રહ્મચર્ય આદિ ઉપરની ભુમિકાનાં પરિણામોની શકિત નથી. જે યથાર્થ બ્રહ્મચર્ય ધારણ કરે છે તેનામાં અણુવ્રતને ધારણ કરવાની શકિત છે. છતાં પણ જો બ્રહ્મચર્યને તો ધારણ કરે અને અણુવ્રતોને ધારણ ન કરે તો સમજવું કે તેણે ક્રમ વિરૂધ્ધ ત્યાગ કર્યો છે તેથી તે શલ્ય યુકત છે. તેનામાં મિથ્યાત્વ શલ્ય હોય કે પછી માન કષાય હોય. તેથી તેનું આમ ક્રમ વિરૂધ્ધનું બ્રહ્મચર્ય યથાર્થ ન જ મનાય. અહીં બ્રહ્મચર્યની નિંદા નથી કરતા. તે તો ઉત્તમ છે જ. પરંતુ શકિત હોવા છતાં વ્રતને ધારતા નથી તેથી શલ્ય યુકત છે. તથા સમ્યકદૃષ્ટિ તો શકિતને છુપાવે નહીં એક બાજુ પોતાને સમ્યકદૃષ્ટિ કહેવડાવે, બીજી બાજુ ક્રમ વિરૂધ્ધ ઉપરની ભુમિકાનાં ઉચિત તેવું બ્રહ્મચર્ય ધાર અને અજ્ઞાની લોકોમાં બ્રહ્મચર્ય નામના આધારે પોતાનો સંયમ જાહેર કરે અને નીચેની ભુમિકામાં સંભવતાં એવાં અણુવ્રતો, સામાયિક, પ્રોષધોપવાસ, સચિત્ત ભોજન ત્યાગ, રાત્રી ભોજન ત્યાગનું પ્રત્યાખ્યાન ન કરે તે તો શકિતને છુપાવે. જૈનું કાર્ય એવું નથી [illegible] [illegible] અને તેના [illegible] મિથ્યાદૃષ્ટિપણું જ [illegible]

કે આ રાજમાર્ગ આશ્રયે નિરૂપણુ થાય છે. પં. ટોડરમલજીએ પણુ આમજ કહ્યું છે કે "છતાં સ્ત્રીનો ત્યાગ કરવો તે કાર્યને ઉત્તમ જ કહીએ છીએ." તેથી બ્રહ્મચર્યને અયથાર્થ માની તજવાની વાત નથી પરંતુ તેની સાથે સંભવતાં અણુવ્રતોને ધારણુ કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.

શંકા;—તમે તો વચમાં કાનજી સ્વામીની પ્રશંસા કરતા હતા, હવે કેમ વિરોધમાં બોલો છો ?

સમાધાન;—અમે પ્રથમથી જ દેવગુરૂના સ્વરૂપમાં કાનજી સ્વામી વડે કરવામાં આવતા વિપર્યાસનો વિરોધ કરતા હતા. કોઇપણુ જીવનાં પરિણામોમાં આગમ અનુકુળ પણે સુધરવાની પ્રત્યેક સમયે સર્વ સંભવનાઓ છે જ. તેમ કાનજી સ્વામીનાં પરિણામ આર્ષ દિગંબર પ્રણાલિથી સુસંગતપણે સુધર્યાં હશે તેવું હમારૂં માનવું હતું કારણુ કે સોનગઢમાં ઠરાવ કરવામાં આવ્યો હતો કે કાનજી સ્વામીની આરતી અર્ઘ નમસ્કાર ભકિત આદિ પ્રવૃત્તિઓ ન કરવી તેમ આત્મધર્મમાં પણુ પ્રરૂપણા થતી જોઇ કે નિર્ગ્રંથ "ગુરૂ જ પૂજય છે તે સિવાય અન્ય કોઈ માર્ગ તરફ ભૂલે ચૂકે જરાય આંખીને પણુ ન જુઓ" (આત્મ ધર્મ અંક ૩૦૩-૩૦૪) આવી પ્રરૂપણા જોઇને તથા ઠરાવ જોઇને અમે તેમની સુધરેલી વૃતિનું અનુમાન કર્યું તથા તેમનો નિકટનો પરિચય કર્યો. પરંતુ ઠરાવ અને પ્રરૂપણા, નિકટના પરિચયમાં મિથ્યા બ્રામક અને ઠગારાં નીકળ્યાં. પૂર્વે હતું તેના કરતાં પણુ અતિ વિશેષપણે દેવ ગુરૂનો વિપર્યાસ અવર્ણુવાદ નજરે જોયો. અ... ...

દૃષ્ટિનું પ્રતિપાદન કરવાવાળા અધ્યાત્મ ગ્રંથ. જેમકે સમયસાર. (૨) જીવની વિવિધ શુદ્ધાશુદ્ધ અવસ્થાઓનું પ્રતિપાદન કરવાવાળા અધ્યાત્મ ગ્રંથ જેમ કે પટખંડાગમ-ગોમ્મટસાર આદિ.

જીવ દ્રવ્ય ત્રિકાળવર્તી સમસ્ત અનંતાનંત પર્યાયોના સમુદાયાત્મક છે. જીવ દ્રવ્યના સ્વભાવનું દ્રવ્યદૃષ્ટિથી એક માત્ર જ્ઞાન કરવાથી અધ્યાત્મ રસીક નથી બની શકાતું જીવની અશુદ્ધ અવસ્થાઓ, તેનું કારણ, તેનો સ્વામી, તેનું અધિકરણ, તેના વિનાશનું કારણ આદિનું જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી સમયસારનું રહસ્ય હૃદયગમ કરવું અસંભવ છે. સમયસારના ઇષ્ટાર્થની પ્રાપ્તિ ત્યારે જ સંભવ છે કે જ્યારે કર્મ સિદ્ધાંતો અને ચરણાચાર વિષયક સિદ્ધાંતોનું જ્ઞાન થાય.

જીવની વર્તમાન અવસ્થામાં વિકાર છે જે દુઃખરૂપ છે. તેનો અભાવ અને સ્વભાવની પ્રાપ્તિ સુખરૂપ છે. જ્યાં સુધી વિભાગનો વિનાશ કર્યો નથી ત્યાં સુધી સુખ નથી. આ હાલતમાં સુખની પ્રાપ્તિના માર્ગનું અન્વેષણ કરવાના ફળરૂપે આગમ-જિનસૂત્રોનું અધ્યયન સર્વ પ્રથમ જ કર્તવ્ય છે. આગમનો યથાર્થ અભ્યાસ કરનારનો કષાય નિયમથી ઉપશમીત થાય છે અર્થાત કષાયનો ઉપશમ થતાં (મંદતારૂપે) આગમ અભ્યાસ સંભવ થાય છે. તેમ થતાં તેવા જીવની તીવ્ર કષાયરૂપ પાપ ભાવોથી નિવૃત્તિ સહજ થાય છે આગમ અભ્યાસ કરવા છતાં પણ શ્રુતનું કિર્તન કરવા છતાં પણ જે અત્યંત તીવ્ર પાપના કારણભૂત, લોકનિંદ્ય, રાજનિંદ્ય,

ભાવ છે તેનાથી પણ કર્મક્ષય તો થાય છે પરંતુ તેમાં સંપૂર્ણ કર્મક્ષયની શક્તિ નથી. તે પરસ્વરૂપ જિનદેવ ઉપરથી લક્ષને હઠાવી 'મારો આત્મા પણ આ જિનદેવ સમાન સર્વજ્ઞ વીતરાગી સ્વભાવવાળો એક જ્ઞાયક ભાવ માત્ર અખંડ છે, મારી અવસ્થામાં જે આ રાગાદિ ભાવરૂપ વિકાર છે તે મારો સ્વભાવ નથી પરંતુ તે રાગાદિકને જાણનાર એવું જે જ્ઞાન છે તે જ્ઞાનને હું રાગથી ભિન્નપણે જાણું અનુભવું તેમાં જ તન્મય થઈને એકાગ્ર થાઉં' એવી સ્વલક્ષી વિશુદ્ધિ પૂર્વક નિજ જ્ઞાયક ભાવમાં એકાગ્ર થવા રૂપનો પુરૂપાર્થ-લક્ષ યુક્ત જે પરિણામો છે તે સ્વલક્ષી વિશુદ્ધિરૂપ શુભભાવ છે તેનાથી કર્મક્ષપણા થાય છે. તેના વડે સાતાદિ પુણ્ય પ્રકૃતિઓ તીવ્ર અનુભાગ રૂપે બંધાતી હોવા છતાં પણ મોહનીય આદિ પાપસ્વરૂપ ઘાતિકર્મની પ્રકૃતિઓની સ્થિતિ ઘાત-અનુભાગ ઘાત દ્વારા ક્ષપણા થાય છે.

તેથી એમ સ્થિત થયું કે શુદ્ધિની ઉત્પાદક શક્તિથી સમન્વિત પરિણામને વિશુદ્ધ કહે છે અર્થાત વિશુદ્ધિના ગર્ભમાં શુદ્ધિ સ્થિત છે, તેથી વિશુદ્ધિ સ્વયં કષાયરૂપ નથી કિંતુ કષાયોની મંદતા-હાનીનું કારણ છે. કષાયોની હાનિ તે જ્ઞાનની વૃદ્ધિનું કારણ છે તેથી વિશુદ્ધિ જ્ઞાન સ્વભાવની

F-પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિનો પ્રથમ સમય
G-પ્રથમ સમ્યક્ત્વનો અંતિમ સમય અર્થાત પુન: મિથ્યાત્વની ઉત્પત્તિનો સમય.

H	
	ઉપશમ કરેલ મિથ્યાત્વમોહનીયના ત્રણ ખંડરૂપ સત્વના નિષેકો
G	
	ઉપશમ સમ્યક્ત્વનો કાળ. અંતરાયામ
F	
	પ્રત્યાવલિ કાળ.
E	
	આવલી કાળ.
D	
	આગાલ-પ્રત્યાગાલનો કાળ.
C	
	અંતરકરણ કાળ.
B	
	અનિવૃત્તિ કરણનો સંખ્યાત બહુ ભાગ
A	

AB-અનિવૃત્તિકરણનો સંખ્યાત બહુભાગ
BC-અંતકરણનો કાળ.
CD-આગાલ પ્રત્યાગાલનો કાળ.
DE-આવલી કાળ.
EF-પ્રત્યાવલી કાળ.
FG-ઉપશમ સમ્યક્ત્વનો કાળ -અંતરાયામ.
GH-દ્વિતિય સ્થિતિ, મિથ્યાત્વનું સત્વ ત્રણખંડરૂપ મિથ્યાત્વ સમ્યગ્મિથ્યાત્વ સમ્યક્ત્વરૂપ કરી ઉપશમિત કર્યું.
BF-પ્રથમ સ્થિતિ.
AD-સ્થિતિકાંડક ઘાત અનુભાગ કાંડકઘાતમાં સમર્થ વર્ધમાન વિશુદ્ધિનો કાળ. મિથ્યાત્વની ગુણશ્રેણીનો કાળ.
DF-મિથ્યાત્વની ગુણશ્રેણીના ચાલાવનો કાળ. અર્થાત અનુસમયાપવર્તનના ઘાતનો કાળ.
DE-મિથ્યાત્વની ઉદિરણાનો કાળ.
EF-મિથ્યાત્વની ઉદિરણા અટકાવનો કાળ.
D- ગુણશ્રેણીનું શિર્ષ

હીંગમાન પણે વિદ્યમાન છે. અર્થાત મિથ્યાદષ્ટિ હોવા છતાં પણ વિશુદ્ધિના જ બળથી G F કાળનાં મિથ્યાત્વનાં નિષેકોનો અભાવ કરે છે. C F કાળમાં જે વિશુદ્ધિ છે તેના બળથી GH કાળમાં રહેલ મિથ્યાત્વનાં પ્રદેશાગ્રોના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સત્વના અનુભાગને અનંતગુણો ખંડિત કરીને સમ્યગ્મિ-થ્યાત્વરૂપે પરિણમાવે છે. તથા સમ્યગ્મિથ્યાત્વના અસંખ્યાતમા ભાગ સત્વના અનુભાગને અનંતગુણો ખંડિત કરીને સમ્યક્ત્વરૂપે પરિણમાવે છે. આ પ્રમાણે G H કાળમાં સ્થિત મિથ્યાત્વના સત્વને ત્રણ ભાગમાં ખંડિત કરીને ત્રિવિધ સત્વ ઉત્પન્ન કરે છે.તે પણ વિશુદ્ધિવડે જ થાય છે. કારણ કે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વનો બંધ ઉદય અને સત્વ છે.C D કાળમાં મિથ્યાત્વના સત્વને પ્રથમ સ્થિતિ 'C F' માથી ઉઠાવાને (અસંખ્યાતમા ભાગ પ્રમાણ) દ્વિતિય સ્થિતિ G H માં નિક્ષિપ્ત કરવારૂપનો પ્રત્યાગાલ અને G H (દ્વિતિય સ્થિતિમાંથી મિથ્યાત્વના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સત્વને ઉઠાવી પ્રથમસ્થિતિ 'C F' માં નિક્ષિપ્ત કરવા રૂપનો આગાલ થતો રહે છે. આવો આગાલ અને પ્રત્યાગાલ મિથ્યાત્વના આવલિ પ્રત્યાવલિ પ્રમાણ D F કાળ શેષ રહે છે ત્યા સુધી થાય છે D સ્થાનમા ગુણશ્રેણિનું શીર્ષ આવી જવાથી ગુણશ્રેણી નિર્જરા બંધ થાય છે. (મિથ્યાત્વની). તે સમયે આગાલ પ્રત્યાગાલ પણ બંધ થઈ જાય છે. આવલિ પ્રમાણ D E કાળમાં પ્રત્યાવલિ પ્રમાણ E F કાળના મિથ્યાત્વના સત્વની ઉદિરણા કરે છે. અને પ્રતિ સમય અનુસમયાપવર્તના ઘાત દ્વારા અનુભાગનો ઘાત કરીને મિથ્યાત્વને

વળી અધ્યાત્મભાવોનું સૂક્ષ્મ પરિણમન તેની જાતિ કારણ, અધિકરણ આદિ પણ કર્મોની સૂક્ષ્મ અવસ્થાઓનું જ્ઞાન કરીને જાણી શકાય છે: તેથી કર્મની વિવિધ અવસ્થાઓના સિદ્ધાંતો દ્વારા અધ્યાત્મભાવોની સૂક્ષ્મતા જાણી શકાય છે. તેથી કર્મ સિદ્ધાંતો અધ્યાત્મભાવોના જ્ઞાપક છે, અસત્ય કપોળકલ્પિત, વિફળ નથી. જિનેન્દ્રના મુખથી વિનિર્ગત વચનો અન્યથા, નિષ્ફળ, અપ્રયોજનભૂત ત્રિકાળમાં ન હોય. કિંતુ તમારા અંતરમાં રહેલ અજ્ઞાનભાવે દૃઢ કરેલ માન્યતા રૂપ શલ્યને કારણે તમે કર્મસિદ્ધાંતો દ્વારા વિશેષ જાણવાની જિજ્ઞાસા તથા તમારી માન્યતાની અસારતાનાં પ્રત્યક્ષ દર્શન થતાં હોવા છતાં તમો જિન સૂત્રોને તમારી માન્યતાનુસાર પલટવા મથો છો પરંતુ તમારી માન્યતાને જિનસૂત્રો અનુસાર પલટવાનું સામર્થ્ય તમે ગુમાવી બેઠા છો. જ્યાં સુધી તમારાં પરિણામોમાં કોમળતાનો અભાવ છે ત્યાં સુધી અધ્યાત્મભાવો શબ્દોચ્ચાર માત્ર છે,

શંકા:- 'D' સ્થાનથી ઉપર સ્થિતિકાંડક ઘાત અનુભાગકાંડક ઘાત કેમ નથી થતા ? વિશુદ્ધિ તો અનંતગુણી વર્ધમાન છે ?

સમાધાન:- D થી F પર્યંતનો કાળ એક આવલિ-પ્રત્યાવલિ પ્રમાણ માત્ર છે. અને સ્થિતિકાંડક-અનુભાગકાંડક ઘાત કરવા માટે ઓછામાં ઓછો એક અંતર્મુહૂર્ત કાળ જોઈએ. કારણ કે સ્થિતિકાંડક વડે જે સ્થિતિનો ઘાત કરવામાં આવે છે તે ઓછામાં ઓછો હોય તો એક અંતર્મુહૂર્ત જ હોય છે. જ્યારે અહિં તો આ

આપે વાંચ્યું ?

" સત્પથ દર્પણ "

સ્વ. પંડિત અજિતકુમાર શાસ્ત્રીએ ખુબ મહેનત લઇ સોનગઢના એકાંત પ્રચારના એકવીસ મુદ્દાઓ લઇને તેની દલીલબધ્ધ શાસ્ત્રાધાર વડે ચર્ચા કરી છે અને આગમ પરંપરા પ્રમાણે વસ્તુત્વ ખરેખર શું હોવું જોઇએ તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

આપ આમ આ એકજ પુસ્તક વાંચશો તો પણ આપને ખ્યાલ થશે કે વિવાદ શાથી છે. ને તે કેમ ચાલે છે ને તે વિવાદથી દિગંબરત્વને ભાવિમાં કેવો ખતરો છે તે સમજાઈ જશે. આપને દિગંબરત્વ કે તે ધર્મ રૂચતા ન હોય તો જુદી વાત છે પણ જો તેનું રક્ષણ જરૂરી છે તેમ માનતા હો તો આ પુસ્તક જરૂર વાંચી-વંચાવી આપની શ્રધ્ધાને નિર્મળ કરો તેમાંજ આત્મહિત છે.